અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

11 NOVEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 130 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  સીરિયાના રાષ્ટ્રપતિ અલ-શારા ટ્રમ્પ સાથે મુલાકાત કરશે

4  જીવ ને શિવ ની કક્ષા ઉપલબ્ધ થાય ત્યારે તેને ઝંખના અને જીજ્ઞાસા વચ્ચેનો ભેદ સમજાય

6  ભારતના વિદિત ગુજરાતી ચેસ વર્લ્ડ કપમાંથી બહાર : ત્રીજા રાઉન્ડમાં અમેરિકન ખેલાડી સામે હાર

7  BSE-NSE પર લેન્સકાર્ટના શેર 3% ઘટ્યા : ₹390 પર ટ્રેડિંગ, IPO કિંમત ₹402 હતી; ઈશ્યૂ 28.27 વખત સબસ્ક્રાઇબ થયો હતો

## ડૉ.આદિલ સાથે વધુ એક ડોક્ટરની ધરપકડ

# ફરીદાબાદની મેડિકલ કોલેજમાંથી બે AK-47 અને 350 કિલો RDX જપ્ત

### મેડિકલ કોલેજ કેસમાં ધરપકડ કરાયેલા અન્ય એક ડોક્ટર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે જમ્મુ અને કાશ્મીર પોલીસે કાર્યવાહી કરી હતી

ફરીદાબાદ, તા.10

ગાંધીનગરમાંથી ATSએ 3 આતંકી ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી 3 પિસ્તોલ, 30 કારતૂસ અને કેમિકલનો જથ્થો મળ્યો હતો, જ્યારે આજે જમ્મુ-કાશ્મીર પોલીસે હરિયાણાના ફરીદાબાદમાં એક ડોક્ટરના ઘરે દરોડા પાડ્યા. એ દરમિયાન આશરે 360 કિલો વિસ્ફોટકો (શંકાસ્પદ એમોનિયમ નાઈટ્રેટ), એસોલ્ટ રાઈફલ્સ અને દારૂગોળો જપ્ત કર્યો છે, જેથી શક્યતા છે કે આતંકીઓ કોઈ મોટા આતંકી હુમલાનું પ્લાનિંગ કરી રહ્યા હોય, જેથી ગુજરાત સહિત 4 રાજ્યમાં તપાસ શરૂ કરી દેવામાં આવી છે.







ધરપકડ કરાયેલા ડોક્ટરનું નામ મુઝમ્મિલ શકીલ છે. તે ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો. તે પુલવામાના કોઈલનો રહેવાસી છે. આ કેસમાં પોલીસે 2 ડોક્ટર સહિત 7 લોકોની ધરપકડ કરી છે.

આ પહેલાં 7 નવેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીર પોલીસે સહારનપુર (યુપી)થી ડૉ. આદિલ અહેમદની ધરપકડ કરી હતી. તે અનંતનાગ (કાશ્મીર)નો રહેવાસી છે. આદિલ અનંતનાગમાં સરકારી મેડિકલ કોલેજ (GMC)માં પ્રેક્ટિસ કરતો હતો. તેણે 2024માં ત્યાંથી રાજીનામું આપ્યું અને ત્યાર બાદ સહારનપુરમાં પ્રેક્ટિસ શરૂ કરી.

જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આતંકવાદીઓ પાસેથી અત્યારસુધીમાં કુલ 2,900 કિલો IED બનાવવાની સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ મોડ્યૂલ જૈશ-એ-મોહમ્મદ (JeM) અને અંસાર ગઝવત-ઉલ-હિંદ (AGuH) જેવા પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલું હતું.

અહેવાલો અનુસાર, ડૉ. મુઝમ્મિલે ત્રણ મહિના પહેલાં ફરીદાબાદના ધૌજ ગામમાં એક રૂમ ભાડે લીધો હતો. તે ત્યાં રહેતો ન હતો, પરંતુ ફક્ત પોતાનો સામાન રાખવા માટે એને ભાડે રાખ્યો હતો.

હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો જપ્ત જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે સર્ચ દરમિયાન હથિયાર અને વિસ્ફોટકો જપ્ત કરવામાં આવ્યાં હતાં. જપ્ત કરાયેલાં હથિયારોમાં એક ચાઈનીઝ સ્ટાર પિસ્તોલ, એક બેરેટા પિસ્તોલ, એક AK-56 રાઈફલ અને એક AK ક્રિકોવ રાઈફલનો સમાવેશ થાય છે, જેમાં આ હથિયારો માટે દારૂગોળો પણ સામેલ છે.

આ સિવાય પોલીસે કુલ 2,900 કિલોગ્રામ IED બનાવવાની સામગ્રી જપ્ત કરી, જેમાં વિસ્ફોટકો, રસાયણો, રિએક્ટન્ટ્સ, જ્વલનશીલ સામગ્રી, ઈલેક્ટ્રોનિક સર્કિટ, બેટરી, વાયર, રિમોટ કંટ્રોલ, ટાઈમર અને મેટલ શીટનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું હતું કે આ સામગ્રીનો ઉપયોગ આતંકવાદી હુમલાઓમાં થઈ શકે છે.

પોલીસ કમિશનરે કહ્યું - 9 નવેમ્બરના રોજ દરોડો પાડવામાં આવ્યો હતો, જેમાં 360 કિલો વિસ્ફોટક જપ્ત કરવામાં આવ્યા

ફરીદાબાદ પોલીસ કમિશનર સતેન્દ્ર કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર પોલીસ વચ્ચે છેલ્લા 15 દિવસથી સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યું હતું અને એ હજુ પણ ચાલુ છે. આ આતંકવાદવિરોધી મોડ્યૂલ હેઠળ કામ કરતા, બંને રાજ્યોની પોલીસે ફરીદાબાદના એક કાર્યકર્તા ડૉ. મુઝમ્મિલ શકીલની ધરપકડ કરી હતી, જે ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં ભણાવતો હતો.

ત્યાર બાદ, રવિવારે (9 નવેમ્બર)ના રોજ તેના રૂમમાં દરોડો પાડવામાં આવ્યો, જે દરમિયાન આશરે 360 કિલોગ્રામ વિસ્ફોટકો મળ્યો. આ વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટ હોઈ શકે છે. જે વિસ્ફોટક મળી આવ્યો એ RDX ન હતો.

---

**આધુનિક મોડેલોના આધારે વિકાસ કરાશે**

## દિલ્હીનું જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ તોડી પાડવામાં આવશે

નવી દિલ્હી,, તા.10

દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને તોડીને 102 એકર જમીન પર એક નવું 'સ્પોર્ટ્સ સિટી' બનાવવામાં આવશે. રમતગમત મંત્રાલય કતાર અને ઓસ્ટ્રેલિયાના આધુનિક મોડેલોના આધારે તેનો વિકાસ કરશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ઈન્ટરનેશનલ લેવલના રમતગમત માળખાગત વિકાસ કરીને રાજધાનીમાં

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એક મોટા રમતગમત પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રમતગમત મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમને તોડી પાડવામાં આવશે અને તેના સ્થાને એક નવું 'સ્પોર્ટ્સ સિટી' બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ 102 એકરમાં ફેલાયેલો હશે. કતાર અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ઉપયોગમાં લેવાતા આધુનિક રમતગમત મોડેલોના આધારે નવા સ્પોર્ટ્સ સિટીનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય દિલ્હીમાં એક અત્યાધુનિક રમતગમત માળખાકીય સુવિધા બનાવવાનો છે જે ઈન્ટરનેશનલ ધોરણોને પૂર્ણ કરે છે. સૂત્રોના જણાવ્યા મુજબ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ હાલમાં જે જમીન પર ઉભું છે તે જમીનનો સંપૂર્ણ વિકાસ કરવામાં આવશે. નવું સ્પોર્ટ્સ સિટી 102 એકરમાં ફેલાયેલું હશે, જે તેને દેશની અગ્રણી રમત સુવિધાઓમાંનું એક બનાવશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ રમતગમતને સમર્પિત એક સંકલિત અને આધુનિક કેન્દ્ર સ્થાપિત કરવાનો છે.

નવા સ્પોર્ટ્સ સિટીને વિશ્વ કક્ષાનું બનાવવા માટે રમતગમત મંત્રાલયની ટીમો કતાર અને ઓસ્ટ્રેલિયામાં સફળ રમતગમત મોડેલોનો નજીકથી અભ્યાસ કરી રહી છે. આ ઈન્ટરનેશનલ મોડેલોમાંથી શીખેલા શિક્ષણનો ઉપયોગ ડિઝાઈન અને સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપવા માટે કરવામાં આવશે. જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ 1982 એશિયન ગેમ્સ માટે બનાવવામાં આવ્યું હતું અને બાદમાં 2010 કોમનવેલ્થ ગેમ્સ માટે તેનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. તે લાંબા સમયથી ભારતના સૌથી પ્રખ્યાત મલ્ટી-સ્પોર્ટ્સ સ્થળોમાંનું એક રહ્યું છે.

---

## પાઈલટને રનવેની જગ્યાએ ખેતર દેખાયાં : દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટના GPS સાથે છેડછાડ....

નવી દિલ્હી,, તા.10

બે દિવસ પહેલાં નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટ વિક્ષેપ અંગે એક મોટો ઘટસ્ફોટ થયો છે. તપાસ અને નિષ્ણાતોના ઈનપુટથી જીપીએસ (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) સિગ્નલો સાથે છેડછાડ કરવાનું એક મોટું કાવતરું બહાર આવ્યું છે. 6 નવેમ્બરથી 7 નવેમ્બરની સાંજ સુધીના 24 કલાક દરમિયાન પાઈલટ્સને નકલી જીપીએસ સિગ્નલો મળતાં હતાં. એનાથી કોકપિટ સ્ક્રીન પર વિમાનની સ્થિતિ બદલાઈ ગઈ, ખોટી છબિ પ્રદર્શિત થઈ. ઉદાહરણ તરીકે, રનવેને બદલે ખેતરો દેખાયાં અને વિમાનની ઊંચાઈ અંગે પણ મૂંઝવણ ઊભી થઈ. પરિણામે, પાઈલટ્સ જીપીએસ-આધારિત ઓટોમેટિક મેસેજિંગને બદલે મેન્યુઅલ પોઝિશનિંગ પર સ્વિચ થયા.



એર ટ્રાફિક કંટ્રોલ (ATS)એ પણ વિલંબ સાથે કોઓર્ડિનેટ્સ પ્રાપ્ત કરવાનું શરૂ કર્યું. પરિણામે, દિલ્હી એરપોર્ટ પર ઉતરાણ કરવાને બદલે વિમાનોને જયપુર અને નજીકના એરપોર્ટ તરફ વાળવામાં આવ્યાં.

વધતા હવાઈ ટ્રાફિકને કારણે હવાઈક્ષેત્રમાં વિમાનો વચ્ચેનું અંતર વધ્યું અને મોટી દુર્ઘટના ટાળી શકાઈ. નોંધનીય છે કે 7 નવેમ્બરના રોજ ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મેસેજિંગ સિસ્ટમ આઉટેજને કારણે 800થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ હતી. સિસ્ટમ આઉટેજ સાયબર હુમલો અથવા વિદેશી કાવતરું હોવાની શંકા સાથે NSA કાર્યાલયે એક કટોકટી બેઠક બોલાવી અને તપાસનો આદેશ આપ્યો હતો.

સુરક્ષા સંસ્થાના એક અગ્રણી સાયબર સુરક્ષા નિષ્ણાતે ભાસ્કરને જણાવ્યું હતું કે અમેરિકાથી સંચાલિત GPSના સિવિલિયન સિગ્નલોની નકલ કરવું પહેલાં સૈદ્ધાંતિક બાબત હતી, પરંતુ હવે એ વધુને વધુ સરળ બની રહ્યું છે. ષડયંત્રમાં હેકર્સને વિદેશી સરકારનું સમર્થન મળવાથી વધુ ખતરનાક બનાવે છે.

તાજેતરની ઘટનામાં હેકર્સે મોટા પાયે નકલી સિગ્નલ બ્લાસ્ટ કર્યા હોવાનું માનવામાં આવે છે. ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (AMSS) ક્રેશ થઈ ગઈ, જેના કારણે પાઈલટ્સ માટે ભ્રામક પરિસ્થિતિ ઊભી થઈ.

અમેરિકન સિવિલિયન જીપીએસ ઓપન સીએ સિગ્નલો આપે છે, જે સ્યુડો-રેન્ડમ નોઈઝના આધારે પ્રાપ્ત થાય છે. આ પીઆરએન સિગ્નલોની નકલ કરી શકાય છે. લશ્કરી-ગ્રેડના જીપીએસ એન્ક્રિપ્ટેડ હોય છે.

દેશમાં નાગરિક વિમાનો સાથે GPS ચેડાંના કિસ્સાઓ વધ્યા છે. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ તાજેતરના મહિનાઓમાં આવા 465થી વધુ નકલી સિગ્નલો નોંધ્યા છે. અત્યારસુધીની મોટા ભાગની ઘટનાઓ જમ્મુ અને અમૃતસર જેવા સરહદી વિસ્તારોમાં નોંધાઈ છે. અમેરિકા હવે નાગરિક સિગ્નલો માટે પણ કાઈમરા સિગ્નલો વિકસાવી રહ્યું છે. આ GPS-3 સિગ્નલો એન્ક્રિપ્ટેડ અને સુરક્ષિત હશે.

દિલ્હી એરપોર્ટની હવાઈ ટ્રાફિક વ્યવસ્થામાં વિક્ષેપ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે શુક્રવારે સાંજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) કાર્યાલયમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લીધો હતો. એરપોર્ટ અને સુરક્ષા એજન્સીઓ સહિત તમામ હિતધારકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

---

**સુપ્રીમ કર્ટે ટાઈમલાઈન માંગી**

## લોકસભા અને વિધાનસભામાં મહિલા અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ

નવી દિલ્હી,, તા.10

લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને 33 ટકા અનામત આપતા 'નારી શક્તિ વંદન અધિનિયમ' (મહિલા અનામત કાયદો)ના અમલને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. કોર્ટે સરકારને પૂછ્યું છે કે, આ કાયદો લાગુ કરવા માટેની સમયરેખા શું છે ? કોર્ટે એમ પણ હ્યું છએ કે, સંસદ દ્વારા કાયદો પસાર થઈ ગયો હોવા છતાં તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? વાસ્તવમાં કોંગ્રેસ નેતા જયા ઠાકુરે કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમાં માંગ કરાઈ છે કે, મહિલા અનામત તાત્કાલિક લાગુ કરવામાં આવે. અરજીમાં કહેવાયું છે કે, કાયદામાં રાખવામાં આવેલી 'પરિસીમન પછી લાગુ કરવાની' શરતને દૂર કરવામાં આવે અને અનામત તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવે. સુનાવણી દરમિયાન વરિષ્ઠ અધિવક્તા શોભા ગુપ્તાએ કહ્યું કે, 'જ્યારે આ કાયદો નારી શક્તિ વંદન અધિનિયમના નામથી પસાર થયો છે, તો તેને લાગુ કરવામાં વિલંબ શા માટે થઈ રહ્યો છે? આ દુઃખદ છે કે, આઝાદીના 75 વર્ષ બાદ પણ આપણે સંસદમાં પ્રતિનિધિત્વ માટે અનામત



માંગવું પડી રહ્યું છે. જો એસસી-એસટી માટે વસતી ગણતરી કે પરિસીમન વગર અનામત લાગુ કરી શકાય છે, તો મહિલાઓ માટે અનામત કેમ લાગુ કરી શકાયો નથી? સંસદે મહિલા અનામનો કાયદો વિશેષ સત્રમાં પસાર કર્યો હતો, જે દર્શાવે છે કે સરકાર પાસે જરૂરી ડેટા પહેલેથી જ ઉપલબ્ધ હતો.' જસ્ટિસ જે. નાગરત્નાએ કહ્યું કે, મહિલાઓ દેશની સૌથી મોટી લઘુમતી છે. તેમણે કેન્દ્ર સરકારને પૂછ્યું કે પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે? કાયદો લાગુ કરવો એ સરકાર અને કાર્યપાલિકાની જવાબદારી છે, પરંતુ અદાલત ચોક્કસ પૂછી શકે છે કે, તેને લાગુ કરવાની ટાઈમલાઈન શું છે? છેવટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને નિર્દેશ આપ્યો છે કે, કેન્દ્ર સરકાર સ્પષ્ટ કરે કે, વસ્તી ગણતરી અને પરિસીમનની પ્રક્રિયા ક્યારે શરૂ થશે અને મહિલા અનામત ક્યારે લાગુ કરવામાં આવશે?



# એમેઝોન કુરિયરમાંથી મોબાઈલ ફોનની ચોરી : ત્રણ ડિલિવરી બોય સહિત ચારની ધરપકડ

- મોંઘાદાટ મોબાઈલ કે ટેબ્લેટ હોય તેવા પાર્સલોને ટાર્ગેટ કરતા




**સુરત, તા.10**

સુરત શહેરની અઠવાલાઈન્સ પોલીસે એમેઝોન કુરિયરના પાર્સલમાંથી મોબાઈલ ફોન અને ટેબ્લેટની ચોરીના એક ગુનાનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા 4 આરોપીની ધરપકડ કરીને તેમની પાસેથી કુલ 2,32,000ની કિંમતના 11 મોબાઈલ ફોન/ટેબ્લેટ અને એક ટેમ્પો સહિત કુલ 2,92,000નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ચોરીમાં કુરિયર કંપનીના જ ત્રણ ડિલિવરી બોય સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે.

અઠવાલાઈન્સ પોલીસે આ ગુનાની તપાસ દરમિયાન ચોરીની પદ્ધતિ પર ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. ફરિયાદ પ્રમાણે, ફરિયાદી રાજેશ બ્રીજ બિહારી અગ્રવાલ, જેઓ નાનપુરા ખાતે કરંટ સિસ્ટમ્સના નામે મોબાઈલ હેન્ડસેટના વેચાણનો ધંધો કરે છે, તેમણે 17 એપ્રિલ, 2025થી 31 મે, 2025 દરમિયાન કુલ 109 મોબાઈલ ફોન અને ટેબ્લેટના અલગ-અલગ પાર્સલ એમેઝોન કુરિયર મારફતે એમેઝોન સેન્ટર ખાતે મોકલ્યા હતા. જોકે, તેમાંથી માત્ર 95 મોબાઈલ ફોન જ સેન્ટર સુધી પહોંચ્યા હતા અને 14 મોબાઈલ ફોન-ટેબ્લેટની ચોરી થઈ હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આ ચોરીનો માસ્ટરમાઈન્ડ મુખ્ય આરોપી મોંહમદ અલ્તાફ ગુલામ હુસેન શેખ (ઉં.વ. 49) હતો, જે પ્રાઈવેટ નોકરી કરતો હતો અને તેણે એમેઝોન કુરિયર સર્વિસમાં કામ કરતા અન્ય ડિલિવરી બોયને પોતાની સાથે સામેલ કર્યા હતા.

પાર્સલોને ખોલી મોબાઈલ ફોન કે ટેબ્લેટ કાઢી લેતા, આરોપીઓએ ચોરીને અંજામ આપવા માટે તેમની કુરિયર સર્વિસની નોકરીનો ફાયદો ઉઠાવ્યો હતો. આરોપીઓ એવા પાર્સલોને નિશાન બનાવતા હતા, જેની અંદર મોંઘાદાટ મોબાઈલ ફોન કે ટેબ્લેટ હોવાની શક્યતા હોય. કુરિયર ડિલિવરી ચેઈનમાં હોવાથી, તેમને કિંમતી વસ્તુઓવાળા પાર્સલોની જાણકારી રહેતી હતી.જ્યારે કુરિયરનો માલ એક લોકેશનથી બીજા લોકેશન પર ટ્રાન્સપોર્ટ થઈ રહ્યો હોય જેમ કે ફરિયાદીના સ્થળેથી એમેઝોન સેન્ટર સુધી, ત્યારે આરોપીઓ પાર્સલની હેન્ડલિંગ અને વહન દરમિયાન, ખાસ કરીને વેરહાઉસ કે વાહનોમાં, પાર્સલોને ખૂબ કાળજીપૂર્વક ખોલીને અંદરથી મોબાઈલ ફોન કે ટેબ્લેટ કાઢી લેતા હતા.ફોન કાઢ્યા બાદ, તેઓ ખાલી પાર્સલને ફરીથી એવી રીતે પેક કરી દેતા હતા, જેથી પ્રથમ દૃષ્ટિએ કોઈને ખ્યાલ ન આવે કે તેમાં ચોરી થઈ છે અથવા તો પાર્સલને જાણીજોઈને ગાયબ કરી દેતા હતા.

### પોલીસે આરોપીને ચોરીના માલ સાથે પકડ્યો

ચોરી કર્યા બાદ, આરોપીઓ આ મોંઘાદાટ ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ સસ્તા ભાવે બજારમાં વેચીને આર્થિક લાભ મેળવવાનો ઈરાદો રાખતા હતા.પોલીસને અંગત બાતમી મળી હતી કે મોંહમદ અલ્તાફ ગુલામ હુસેન શેખ નાનપુરા જલારામ દાણાચણા દુકાન પાસે ચોરીના મોબાઈલ ફોન સાથે ઊભો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને મોંહમદ અલ્તાફ શેખને ઝડપી પાડ્યો. તેની પાસેથી પાંચ મોબાઈલ ફોન જેની કિંમત 1,01,000 અને એક ટાટા કંપનીનો છોટા હાથી ટેમ્પો 60,000 મળી આવ્યા હતા.

### અન્ય આરોપીઓની ધરપકડ અને મુદ્દામાલની જપ્તી

મોંહમદ અલ્તાફની સઘન પૂછપરછમાં તેણે પોતાના સાથીદારો ભૌતિક કાશીનાથ મિસ્ત્રી (ઉં.વ. 20), આયુષ રણજીતભાઈ પટેલ (ઉં.વ. 20), અને સલમાન સુલેમાન શેખ (ઉં.વ. 23)ના નામ ખોલ્યા હતા. પોલીસે તાત્કાલિક અસરથી અન્ય 3 આરોપીઓને પણ ઝડપી પાડ્યા હતા અને ચોરીનો બાકીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભૌતિક મિસ્ત્રી પાસેથી 80,000નો મુદ્દામાલ, આયુષ પટેલ પાસેથી 15,000નો મુદ્દામાલ, સલમાન શેખ પાસેથી 36,000નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.આ ગુનામાં પોલીસે કુલ 11 મોબાઈલ ફોન/ટેબ્લેટ અને એક ટેમ્પો મળીને 2,92,000ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કરી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મતદાર યાદી સુધારણા: 'બુક અ કોલ વિથ BLO' પહેલ હિટ, 10 હજારથી વધુ નાગરિકોએ લાભ લીધો

**ગાંધીનગર, તા.10**

સમગ્ર ગુજરાતમાં હાલ મતદાર યાદીની ખાસ સુધારણા ઝુંબેશ (SIR) ચાલી રહી છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં 27 ઓક્ટોબર 2025 થી શરૂ થયેલી આ પ્રક્રિયા તબક્કાવાર આગળ વધી રહી છે. આ ઝુંબેશમાં મતદારોને ઘરે બેઠા સરળતાથી માર્ગદર્શન મળી રહે તે માટે ચૂંટણીપંચ દ્વારા 'બુક અ કોલ વિથ BLO' નામની ટેક્નોલોજી આધારિત પહેલ શરૂ કરવામાં આવી છે, જેને નાગરિકો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય મતદાર યાદીની શુદ્ધતા અને સમાવેશિતા સુનિશ્ચિત કરવાનો છે. 10 નવેમ્બર 2025 સુધીના આંકડા મુજબ રાજ્યના ખૂણે-ખૂણેથી કુલ 10,204 નાગરિકોએ 'ecinet' વેબસાઈટ પર જઈને આ સુવિધાનો લાભ મેળવ્યો છે. જેમાંથી 6,239 નાગરિકોનો બુથ લેવલ ઓફિસર (BLO) દ્વારા માત્ર 48 કલાકના ટૂંકા સમયગાળામાં જ સંપર્ક કરીને તેમની મૂંઝવણોનું નિરાકરણ લાવી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. અન્ય નાગરિકોનો સંપર્ક સાધવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

રાજ્યનો પાત્રતા ધરાવતો કોઈ મતદાર રહી ન જાય અને પાત્રતા ન ધરાવતો મતદાર યાદીમાં સામેલ ન રહે, તેવા ધ્યેય સાથે BLO દ્વારા ઘરે-ઘરે જઈને ગણતરી ફોર્મ (એન્યુમરેશન ફોર્મ)નું વિતરણ કરવામાં આવી રહ્યું છે. 'બુક અ કોલ વિથ BLO' સુવિધા આ સમગ્ર પ્રક્રિયામાં મતદારોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં ખૂબ મદદરૂપ સાબિત થઈ રહી છે.

# દિવાળી વેકેશન બાદ સુરતની હીરા બજાર ફરી ધમધમતી થઈ

## નવા વર્ષની નવી આશાઓ, લેબગ્રોન ડાયમંડમાં તેજી આવતા હીરા ઉદ્યોગની સ્થિતિ સુધારા પર

**સુરત, તા.10**

ડાયમંડ સિટી સુરતના હીરા ઉદ્યોગ ની બજારો આજથી ધમધમતી થઈ છે. દિવાળી વેકેશન બાદ નવા વર્ષની નવી આશાઓ સાથે આજથી હીરા બજારની શરૂઆત કરવામાં આવી છે. હીરાના વેપારીઓએ લેબગ્રોન ડાયમંડમાં તેજી આવતા હીરા ઉદ્યોગની સ્થિતિ સુધારા પર હોવાનું જણાવ્યું હતું. જ્યારે હજુ પણ રિયલ ડાયમંડ દબાયેલી સ્થિતિમાં હોવાનું જણાવી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષ મંદીના માર વચ્ચે રત્ન કલાકારોએ વિતાવ્યા છે.



વેકેશન પૂર્ણ થઈ ગયા બાદ પણ 70 ટકા યુનિટ જ શરૂ થયા, સુરતના હીરા ઉદ્યોગમાં દિવાળી બાદ પણ હજુ વેકેશન જેવો માહોલ હોય તેવું લાગી રહ્યું છે. વેકેશન પૂર્ણ થઈ ગયું હોવા છતાં પણ હજુ 70% જ યુનિટ શરૂ થયા છે અને તેમાં પણ 20 ટકામાં બપોર બાદ રજા રહે છે. આજથી હીરા બજારો પણ શરૂ થઈ છે. રીયલ ડાયમંડમાં હાલ પણ મંદી જેવો માહોલ છે જ્યારે લેબગ્રોનમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે લેબગ્રોનની ફેક્ટરીઓમાં કારીગરોની અછત જોવા મળી રહી છે. રીયલ ડાયમંડના હીરાના કારખાનાઓમાં પણ કામ ઓછું હોવાના કારણે પણ હજુ પણ કારીગરો વતનથી પરત ફરી રહ્યા નથી.

દિવાળી પહેલા માહોલ નબળો હતો, હવે પબ્લિક દેખાય છે- શૈલેષ કાકડીયા, આજથી સુરતના વરાછા વિસ્તારમાં આવેલી મીની બજાર ખાતે હીરા બજાર શરૂ થઈ છે. હીરા વેપારી શૈલેશ કાકડીયાએ જણાવ્યું હતું કે, દિવાળી પહેલાનો માહોલ થોડોક નબળો હતો અને હવે પબ્લિક ઘણું બધું દેખાય છે એટલે રિસ્પોન્સ સારા લાગે છે કે માર્કેટ થોડુંક આવશે પણ રિયલનું માર્કેટ તો અત્યારે હાલ દબાયેલું છે એટલે સીવીડીનું માર્કેટ જે છે એ લાગે છે કે થોડું ઉછાળામાં આવે છે અને બીજું તો કંઈ મને એવું દેખાતું નથી કે આગળના શું રિસ્પોન્સ આવશે.

# ગાયની અડફેટે બાઈક ચાલકનું મોત : અકસ્માતમાં યુવકનું ઘટનાસ્થળે મોત

## સોમા તળાવ પાસે બુલેટ ચાલક 15 ફૂટ ઢસડાતા ગંભીર ઈજાગ્રસ્ત

**વડોદરા, તા.10**

વડોદરા શહેરમાં એક જ રાત્રિ દરમિયાન 2 વાહન ચાલકોને ગાય આડે આવી ગઈ હતી. જેમાં વડોદરાના મહેસાણાનગર પાસે ગાયની અડફેટે એક બાઈક ચાલકનું મૃત્યુ થયું હતું. જેના CCTV પણ સામે આવ્યા છે. આ ઘટનામાં બાઈક ચાલકનું મૃત્યુ થતાં ફતેગંજ પોલીસ દોડતી થઈ ગઈ હતી અને સમગ્ર મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. બીજી તરફ અન્ય એક બનાવમાં સોમા તળાવ પાસે બુલેટ ચાલકને આડે ગાય આવતા યુવક 15 ફૂટ ઢસડાયો હતો. જેના કારણે યુવકને લોહી-લુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



વડોદરા શહેરના ન્યૂ સમા રોડ પર આવેલી મંગલ દર્શન સોસાયટીમાં રહેતા સંદિપ નેગી શનિવારે(8 નવેમ્બર) રાત્રે બાઈક લઈને તેમના મિત્ર પ્રશાંત ઐયરને મળવા માટે ગયા હતા. યુવક જતો હતો ત્યારે રસ્તામાં ગાય આવી જતા ગાય સાથે અથડાયો હતો. જેને કારણે સંદિપ ડિવાઈડર સાથે ટકરાતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મળસ્કે 3.30 વાગ્યાના અરસામાં પ્રંશાતભાઈને ફોન આવ્યો હતો કે, આ મોબાઈલવાળા વ્યક્તિનો મહેસાણાનગર પાસે અકસ્માત થયો છે. આ બાબતે પ્રશાંતભાઈએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ગાય વચ્ચે આવી જતા બુલેટ ચાલક 15 ફૂટ ઢસડાયો, અન્ય એક બનાવમાં માંજલપુર ખાતે રહેતો ભાવિન પટેલ પોતાના મિત્રને મળવા માટે ગયો હતો. ભાવિન રાત્રિના 10 વાગ્યાના અરસામાં તેનું બુલેટ લઈને સોમા તળાવથી માંજલપુર ઘર તરફ જઈ રહ્યો હતો, ત્યારે સોમા તળાવ પાસે અચાનક તેની બુલેટની આગળ ગાય આવી જતા તેણે સંતુલન ગુમાવ્યું હતું, જેના કારણે તે 15 ફૂટ રોડ પર ઢસડાતાં લોહીલુહાણ થઈ ગયો હતો. 108 મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવકને કાનના ભાગમાં ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માત સમયે 20-25 ગાયો આટા મારતી હતી, સોમા તળાવ પાસે ભાવિન પટેલનો અકસ્માત થયો ત્યારે 20થી 25 ગાયો આટા મારી રહી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યા હતા કે, રખડતી ગાયોથી વિસ્તારમાં ખૂબ જ તકલીફ છે.

1 મહિનામાં 300થી વધુ ગાયોને ઢોર ડબ્બામાં પૂરી: અધિકારી, વડોદરા મહાનગરપાલિકાની ઢોર પાર્ટીના અધિકારી વિજય પંચાલે જણાવ્યું હતું કે, રાઉન્ડ ધ ક્લોક અમારી કામગીરી ચાલી રહી છે અને અમે શહેરના વિવિધ વિસ્તારોમાં જઈને ગાયો પકડીને ઢોર ડબ્બામાં પૂરી રહ્યા છે. છેલ્લા 1 મહિનામાં અમે 300થી વધુ ગાયોને ઢોર ડબ્બામાં પૂરી છે.

# વડોદરામાં એમજી રોડની જ્વેલરી શોપમાંથી ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો સોનાની વીંટી લઈને ફરાર...

**વડોદરા, તા.10**

વડોદરામાં માંડવીના એમ.જી રોડ પર અંબે માતાના મંદિરની સામે આવેલી ચકાભાઈ જ્વેલર્સ નામની દુકાનમાં જયરાજ રજનીકાંતભાઈ રાજપુત (રહે-રામજી નગર, વારસિયા રીંગરોડ) મેનેજર તરીકે નોકરી કરે છે. સિટી પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે સવારે 11:30 થી 12:00 વાગ્યાના અરસામાં એક ગ્રાહક અમારી દુકાનમાં કામ કરતાં હેલ્પર બહેન ધારાબેન સોહિલભાઈ વ્યાસની પાસે આવ્યો હતો અને લવ પેટનની અલગ-અલગ સોનાની વીંટી બતાવવા માટે કહ્યું હતું.

જેથી દુકાનમાં કામ કરતા સ્ટાફના માણસોએ આ ગ્રાહકને ટ્રેમાં જુદી-જુદી પેટર્નની વીંટીઓ બતાવી હતી. વીંટીઓ જોયા બાદ આ પેટર્ન મને પસંદ નથી તેવું કહીને તે ત્યાંથી જતો રહ્યો હતો. ત્યારબાદ દુકાનમાં કામ કરતાં




બહેને ટ્રેમાં રાખેલી સોનાની વીંટીની ગણતરી કરતા એક વીંટી ઓછી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી સીસીટીવી ફૂટેજ ચેક કરતા ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો 8.340 ગ્રામ વજનની સોનાની વીંટી કિંમત રૂપિયા 75 હજારની નજર ચૂકવીને લઈ ગયો હોવાનું જણાઈ આવ્યું હતું. સિટી પોલીસે આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં રફતારનો કહેર: લક્ઝુરિયસ કારની ટક્કરે 20 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત...

**રાજકોટ, તા.10**

રાજકોટમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે, જેમાં વધુ એક યુવાને જીવ ગુમાવ્યો છે. શહેરના કાલાવાડ રોડ પર મોડી રાત્રે એક લક્ઝુરિયસ કારે ટુ વ્હીલરને જોરદાર ટક્કર મારતાં 20 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાથમિક માહિતી મુજબ, કાલાવાડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ નજીક આ અકસ્માત સર્જાયો હતો. ફૂલ સ્પીડમાં કાર હંકારી રહેલા ચાલકે એક ટુ વ્હીલરને અડફેટે લીધું હતું. જેમાં ટુ વ્હીલરચાલક અભિષેક (ઉંમર 20 વર્ષ)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જો કે, અકસ્માત સર્જાયા બાદ કારચાલક ઘટનાસ્થળેથી ભાગી જવાને બદલે સીધો જ તાલુકા પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ગયો હતો. કાર ચાલકનું નામ આત્મન પટેલ હોવાનું જાણવા મળ્યું છે.



ઘટનાની જાણ થતાં જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે ખસેડ્યો છે. PM બાદ મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવશે અને પોલીસે આત્મન પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં બે દિવસમાં આ બીજો ગંભીર માર્ગ અકસ્માત છે. અગાઉ શહેરના યુનિવર્સિટી રોડ પર એચ.પી. પેટ્રોલ પંપની સામે બે દિવસ પહેલાં જ એક મહિલા કાર ચાલકે એક્ટિવા પર જતી માતા-પુત્રીને પૂરપાટ વેગે હડફેટે લીધી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજા થવાને કારણે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી 15 વર્ષીય પુત્રી ધ્રુવીનું મોત નિપજ્યું હતું, જેના કારણે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# સાવલીના મંકોડિયાપુરામાં કટિંગ વેળા પોલીસ ત્રાટકી 18 લાખનો દારૂ મૂકી બૂટલેગરો ફરાર...

**વડોદરા, તા.10**

વડોદરા જીલ્લામાં સાવલી તાલુકાના મંકોડીયાપુરા ગામે દારૂના કટીંગ વેળા પોલીસે ત્રાટકીને રૂા.18 લાખના દારૂ સહિત કુલ 23 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.




ગામના અમીત તીરથભાઈ માળી અને હિતેશ તીરથભાઈ માળી ગામના ખેતરમાં આવેલી પતરાવાળી ઓરડીમાં દારૂનો જથ્થો ઉતારી રહ્યા છે તેવી બાતમી આધારે પોલીસની ટીમે મંકોડીયાપુરા ગામમાં દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. પોલીસની હાજરી જોતા બે શખ્સો અંધારાનો લાભ લઈ ખેતરમાં ભાગી ગયા હતા. સ્થળ પરથી મોટી માત્રામાં દારૂનો જથ્થો મળી આવ્યો. તપાસ દરમિયાન અશોક લેલેન્ડ કંપનીની ટ્રકમાંથી ખાખી બોક્સોમાં ભરેલો દારૂ મળ્યો. કુલ 8,832 ક્વાટરીયા અને બીયરની બોટલો મળી આવી, જેની કિંમત અંદાજે રૂ.18,10,560 થાય છે. સાથે જ ગાડીની કિંમત રૂ.5,00,000 ગણાતાં કુલ રૂ.23,10,560ના મુદ્દામાલનો જથ્થો કબ્જે લેવાયો છે.

# ટુ વ્હિલર પર જતા બે વિદ્યાર્થીઓને કાર ચાલકે ટક્કર મારી

## ગરનાળાની દીવાલ અને કાર વચ્ચે ફસાઈજતા બંને વિદ્યાર્થીઓને ઈજા

**વડોદરા, તા.10**

વડોદરા,દશરથ ગરનાળા નીચે ટુ વ્હિલર પર જતા એન્જિનિયરીંગના બે વિદ્યાર્થીઓને કાર ચાલકે ટક્કર મારતા બંનેને ઈજા પહોંચી હતી. પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.




વડસર બ્રિજ પાસે વલ્લભ વાટિકા સોસાયટીમાં રહેતો જયસિંહ નરેન્દ્રસિંહ જાડેજા ખાનગી યુનિવર્સિટીમાં બી.ટેક.નો અભ્યાસ કરે છે. ગત ૭ મી તારીખે બપોરે એક વાગ્યે તરસાલી સુશેન સર્કલ પાસે રહેતા મારા મિત્ર શૌર્યકુમારના ઘરે ગયો હતો.મારા મિત્રના ટુ વ્હિલર પર બેસીને અમે કોલેજ ગયા હતા.બપોરે પોણા ત્રણ વાગ્યે અમે ચા નાસ્તો કરવા માટે પેટ્રોલ પંપ પર ગયા હતા તે દરમિયાન કોલેજમાંથી મેસેજ આવ્યો હતો કે, હોલ ટિકિટ મેળવી લેવી. જેથી, અમે પરત કોલેજ જતા હતા. હું ટુ વ્હિલર ચલાવતો હતો. અમે દશરથ ગરનાળા નીચેથી જતા હતા. તે દરમિયાન પાછળથી આવતી એક કારના ચાલક કનુભાઈ મણીભાઈ વણકરે (રહે. હરિઓમ સોસાયટી, દશરથ) અમારા ટુ વ્હિલરને ટક્કર મારતા અમે ગરનાળાની દીવાલ અને કાર વચ્ચે આવી જતા મને ડાબા પગે ગંભીર ઈજા થઈ હતી. જ્યારે પાછળ બેઠેલા શૌર્યને પણ ઈજા થઈ હતી.

# ઉમરાળામાં વૃદ્ધ દંપતી ઉપર હુમલો કરનાર શખ્સને સજા, 6500 નો દંડ

- રતનપરના શખ્સે વ્યાજના રૂપિયાની ઉઘરાણી માટે ગંભીર ઈજા પહોંચાડેલી
- દોઢ વર્ષ સાદી કેદ અને બે વર્ષ સખત કેદની સજા અલગ-અલગ ભોગવવા કોર્ટનો હુકમ

**ભાવનગર, તા.10**

ઉમરાળામાં ચાર વર્ષ પૂર્વે વ્યાજના રૂપિયાની ઉઘરાણી કરી રતનપરના શખ્સે વૃદ્ધ દંપતીને માર માર્યાની ઘટનામાં કોર્ટે અલગ-અલગ કલમો હેઠળ સજા અને દંડ ફટકાર્યો છે.



ઉમરાળામાં જૈન દેરાસની બાજુમાં રહેતા કનૈયાલાલ શામજીભાઈ ઉંડવિયા (ઉ.વ.૬૫) અને તેમના પત્ની અરૂણાબેન ગત તા.૨૫-૧૦-૨૦૨૧ના રોજ સવારના સમય ઉમરાળા ગામે રામજી મંદિર ખાતે દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે દશરથસિંહ ગંભીરસિંહ ગોહિલ (ઉ.વ. હાલ ૭૩, રહે, રતનપર, તા.ઉમરાળા) નામના શખ્સે 'મેં તને આજથી ચાર વર્ષ પહેલા ત્રણ ટકા લેખે બે લાખ રૂપિયા વ્યાજે આપ્યા હતા, તેનું વ્યાજ તારે આપવાનું છે' તેમ કહીં ગાળો દઈ બોલાચાલી કરી ધોકા વડે હુમલો કરી બચાવવા વચ્ચે પડેલા અરૂણાબેનને પણ ધાકાના ઘા ઝીંકી ઈજા પહોંચાડી હતી. જે બનાવ અંગે ઈજાગ્રસ્ત વૃદ્ધે શખ્સ સામે ઉમરાળા પોલીસમાં આઈપીસી ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪ અને મની લેન્ડ એક્ટની કલમ ૪૦, જીપી એક્ટની ૧૩૫ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ ઉમરાળાના પ્રિન્સિપાલ જ્યુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ વાય. કે.ખાંટની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલો, રજૂ થયેલા આધાર-પુરાવાઓને ધ્યાને લઈ આરોપી દશરથસિંહ ગોહિલને તકસીરવાન ઠેરવી આઈપીસી ૩૨૩ મુજબ ગુના સબબ ૬ માસ સાદી કેદની સજા, રૂા.૫૦૦નો દંડ, દંડ ન ભરે તો ૧૫ દિવસની વધુ સજા, આઈપીસી ૩૨૪ હેઠળ એક વર્ષની સાદી કેદ, એક હજારનો દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની સજા તેમજ આઈપીસી ૩૨૫ હેઠળ બે વર્ષ સખત કેદની સજા, પાંચ હજારો દંડ, દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. વધુમાં આરોપીએ ફરમાવેલ સજા અલગ-અલગ ભોગવવાની રહેશે. દંડની રકમ પૈકી પાંચ હજાર રૂપિયા ફરિયાદીને ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે.

## મોડા પહોંચવા બદલ રાહુલ ગાંધીને 'સજા'

# કોંગ્રેસના જિલ્લાપ્રમુખોની તાલીમ શિબિરમાં 10 પુશ-અપ્સ કરવા પડ્યા, શિબિરના પ્રભારીએ જ તેમને સજા કરી

**ભોપાલ, તા.10**

મધ્યપ્રદેશના પચમઢીમાં એક ક્લાસમાં મોડા પહોંચવા બદલ કોંગ્રેસના એક નેતાએ રાહુલ ગાંધીને 10 પુશ-અપ્સ કરવાની સજા આપી હતી.

રાહુલ ગાંધી શનિવારે મોડીરાત્રે પચમઢીના હોટલ હાઈલેન્ડ ખાતે યોજાઈ રહેલા કોંગ્રેસના જિલ્લાપ્રમુખોની તાલીમ શિબિરમાં પહોંચ્યા હતા. કોંગ્રેસ તાલીમ વિભાગના વડા સચિન રાવે જણાવ્યું હતું કે 'અમારા તાલીમ શિબિરમાં શિસ્તનું પાલન ન કરવા બદલ સજા આપવામાં આવે છે.'





રાહુલ ગાંધીએ પૂછ્યું, 'મારા માટે શું છે?' સચિન રાવે જવાબ આપ્યો, 'તમારે 10 પુશ-અપ્સ કરવા પડશે.' ત્યાર બાદ રાહુલ ગાંધીએ જિલ્લાપ્રમુખોની સામે દસ પુશ-અપ્સ કર્યા.

રાહુલ ગાંધીએ જિલ્લાપ્રમુખોની સામે જુજુત્સુનો અભ્યાસ કરતા જમીન પર મજબૂત પકડ કેવી રીતે જાળવી રાખવી એ સમજાવ્યું. તેમણે કહ્યું, 'તમારા પગ જમીન પર મજબૂતીથી હોવા જોઈએ. જો તમે છોડશો તો તમારી પકડ નબળી પડી જશે.'

સત્રમાં પંદર કલાકના ભાષણ પછી રાહુલ ગાંધી જુજુત્સુ પોશાક પહેરીને તાલીમ ખંડમાં પહોંચ્યા. તેમણે જુજુત્સુનો અભ્યાસ કર્યો અને જિલ્લાપ્રમુખોને શીખવ્યું કે જો કોઈ તમને મારતું હોય તો તેમને અવગણો. તેમને ભેટી પડો.

રાહુલે કહ્યું કે જમીન પર તમારી પકડ એટલી મજબૂત હોવી જોઈએ કે જે કોઈ તમને વિચલિત કરવાનો પ્રયાસ કરશે તો તે નિષ્ફળ જશે. તેમણે ચાર જિલ્લાપ્રમુખોને બોલાવ્યા અને જમીન પર પોતાનો પગ મજબૂત કેવી રીતે બનાવવો એ સમજાવ્યું.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે રાજકારણીઓથી ઘેરાઈને તમે વાસ્તવિક શક્તિ નહીં મેળવો. લોકોમાં તમારી પકડ મજબૂત કરીને તમે શક્તિ મેળવશો.

તાલીમ સત્ર દરમિયાન જિલ્લાપ્રમુખોએ રાહુલ ગાંધીને કહ્યું હતું કે અમે કામ તો કરી રહ્યા છીએ, પણ ચિંતા એ છે કે શું એનું મૂલ્યાંકન થશે? આના જવાબમાં રાહુલ ગાંધીએ જવાબ આપ્યો, 'રિપોર્ટિંગ અને મૂલ્યાંકન વિશે ચિંતા કરશો નહીં. હું તમારાં કામનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરીશ. તમારી ચિંતાઓ ભૂલી જાઓ; ફક્ત કામ પર ધ્યાન કેન્દ્રિત કરો. અમે અને પાર્ટી તમારું ધ્યાન રાખીશું.'

રાહુલ ગાંધીએ કહ્યું, જેઓ મારા વિરુદ્ધ બોલે છે તેઓ મારા ગુરુ છે. કોઈ મારા વિશે શું કહે છે એની મને પરવા નથી. લોકો ધ્યાન ભટકાવવા માટે મારા વિશે વાત કરે છે. એવી જ રીતે, જો તેઓ તમારા વિશે પણ વાત કરે છે તોપણ જમીન પર કામ કરતા રહો. તમારી જમીન છોડશો નહીં. સફળતા તમારા પગ પર હશે.'

રાહુલ ગાંધીએ જિલ્લાપ્રમુખોનાં બાળકો અને પત્નીઓ સાથે વ્યક્તિગત રીતે વાત કરી. તેમણે દરેક પરિવાર સાથે અલગ ગ્રુપ ફોટો સેશનનું આયોજન કર્યું. તેમણે જિલ્લાપ્રમુખોનાં બાળકોને તેમના અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને ભવિષ્યનાં લક્ષ્યો વિશે પૂછ્યું.

એક જિલ્લા પ્રમુખે કહ્યું, 'પહેલીવાર એવું લાગે છે કે આપણે કોઈ રાજકીય તાલીમ સત્રમાં નહીં, પણ એક પારિવારિક બેઠકમાં હાજરી આપી રહ્યા છીએ. અત્યારસુધી એવું બનતું હતું કે રાજકારણમાં ફક્ત આપણે જ નેતાઓ સાથે મળીશું અને કામની ચર્ચા કરીશું. પહેલીવાર આપણા પક્ષના નેતા આપણા પરિવારને મળી રહ્યા છે અને તેમના સુખાકારી વિશે પૂછપરછ કરી રહ્યા છે.'

રવિવારે તાલીમ સત્રના આઠમા દિવસે પ્રથમ સત્રનું સંચાલન ભૂતપૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે 'વર્તમાન રાજકીય પડકારો, સાંપ્રદાયિક સંગઠનો અને કોંગ્રેસ મિશન 2028' વિષય પર જિલ્લાપ્રમુખોને સંબોધિત કર્યા હતા.

બીજા સત્રમાં વોર રૂમના પ્રભારી અને સાંસદ શશિકાંત સેંથિલે સંગઠનને પંચાયત સ્તર સુધી વિસ્તૃત કરવાની રણનીતિની રૂપરેખા આપી. ત્રીજા સત્રમાં રાજ્યસભાના સાંસદ અને પ્રદેશ કોંગ્રેસ સમિતિના ખજાનચી અશોક સિંહે સંગઠનાત્મક વિસ્તરણ અને જનસમર્થન પર પોતાના વિચારો રજૂ કર્યા.

અશોક સિંહે કહ્યું હતું કે કોંગ્રેસ સંગઠન ત્યારે જ મજબૂત બનશે જ્યારે દરેક કાર્યકર લોકોની વચ્ચે જશે અને તેમની સમસ્યાઓ સાથે સીધા જોડાશે અને તેમના ઉકેલ માટે પ્રતિબદ્ધ રહેશે.

# ટ્રમ્પે કહ્યું- ટેરિફનો લાભ, ગરીબ અમેરિકનોને મળશે ₹1.7 લાખ

## સરકાર 37 ટ્રિલિયન ડોલરનું દેવું ચૂકવશે; આનો વિરોધ કરનારા લોકો 'મૂર્ખ'

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ટ્રુથસોશિયલ પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે ટેરિફથી અબજો ડોલરની આવક થઈ રહી છે. તેમણે કહ્યું કે આ આવકથી ધનિકો સિવાય દરેક અમેરિકન નાગરિકને $2,000 (લગભગ રૂ. 1.7 લાખ) નો 'ડિવિડન્ડ' મળશે.

ટ્રમ્પે પોસ્ટમાં ટેરિફ ટીકાકારોને 'મૂર્ખ' કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'જે લોકો ટેરિફ વિરુદ્ધ બોલે છે તેઓ મૂર્ખ છે. અમારી સરકારે અમેરિકાને વિશ્વનો સૌથી ધનિક અને સૌથી આદરણીય દેશ બનાવ્યો છે, જ્યાં લગભગ કોઈ ફુગાવો નથી અને રેકોર્ડ-ઊંચો શેરબજાર છે.'

જોકે, ટ્રમ્પે આ લાભો કોને મળશે તે સ્પષ્ટ કર્યું ન હતું, ચોક્કસ પાત્રતા માપદંડ (જેમ કે આવક મર્યાદા) પૂરા પાડ્યા ન હતા, અથવા સમયરેખા આપી ન હતી. આ પહેલીવાર નથી જ્યારે તેમણે આવું વચન આપ્યું હોય. ઓક્ટોબરમાં, તેમણે $1,000 થી $2,000 ની છૂટનો સંકેત આપ્યો હતો.

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે એબીસી ન્યૂઝ સાથેની મુલાકાતમાં ટ્રમ્પના દાવાઓ પર સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે તેમણે ટ્રમ્પ સાથે આ ડિવિડન્ડ અંગે ચર્ચા કરી નથી, પરંતુ આ રકમ ટેક્સ કાપના રૂપમાં આવી શકે છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, બેસન્ટનું ધ્યાન દેવાની ચુકવણી પર છે, સીધા ચેક વિતરણ પર નહીં. ઓગસ્ટમાં, તેમણે સીએનબીસીને જણાવ્યું હતું કે ટેરિફ આવક $38.12 ટ્રિલિયન દેવું ઘટાડવામાં મદદ કરશે.

સપ્ટેમ્બરના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના નિવેદન મુજબ, નાણાકીય વર્ષ 2025 માં ટેરિફથી માત્ર $195 બિલિયનની આવક થઈ હતી. જો પ્રતિ વ્યક્તિ $2,000 (આશરે 250 મિલિયન બિન-ધનવાન અમેરિકનોને) વહેંચવામાં આવે, તો ખર્ચ લગભગ $500 બિલિયન થશે, જે વર્તમાન આવક કરતાં ઘણો વધારે છે.

# કેદીઓની જેલમાં ડાન્સ અને દારૂ પાર્ટી બેંગલુરુ જેલનો વધુ એક વીડિયો સામે આવ્યો

## પહેલા વીડિયોમાં ISIS આતંકી ઝુહૈબ મોબાઈલ ફોન વાપરતો દેખાયો

**બેંગલુરુ**

બેંગલુરુની પરપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલની અંદરથી બીજો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં કેદીઓ ગાતાં, નાચતાં અને પાર્ટી કરતાં જોવા મળે છે, જોકે આ વીડિયોની હજુ સુધી પુષ્ટિ થઈ શકી નથી. 55 મિનિટનો આ વાઈરલ વીડિયો બારી પર ચાર દારૂની બોટલો બતાવે છે. આગળ કેટલાક કેદીઓ ફ્લોર પર બેસીને વાસણો વગાડે છે. પાંચ કે છ કેદી નાચી રહ્યા છે અને બૂમો પાડી રહ્યા છે.



આ વીડિયોમાં ડિસ્પોઝેબલ ગ્લાસમાં આલ્કોહોલ, પ્લેટમાં કાપેલાં ફળ અને તળેલી મગફળી પણ દેખાય છે. ઘણા મોબાઈલ ફોન અને ચાર્જર પણ દેખાય છે. વાઈરલ વીડિયો લગભગ એક અઠવાડિયા પહેલાંનો હોવાનું કહેવાય છે.

આ પહેલાં શનિવારે સામે આવેલા પહેલા વીડિયોમાં ISIS આતંકવાદી ઝુહૈબ હમીદ શકીલ મન્ના ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યો હતો.

શકીલની NIA દ્વારા 17 નવેમ્બર, 2021ના રોજ દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર આતંકવાદી સંગઠનોમાં યુવાનોની ભરતી કરવાનો અને ભંડોળ એકત્ર કરવાનો આરોપ છે.

એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ (AIG) પી.વી. આનંદ રેડ્ડીએ જણાવ્યું હતું કે આ કેદીઓએ મોબાઈલ ફોન કેવી રીતે મેળવ્યા, જેલમાં કોણ લાવ્યું, કોણે તેમને આપ્યા, વીડિયો ક્યારે રેકોર્ડ કરવામાં આવ્યો અને એ મીડિયામાં કેવી રીતે લીક થયો, આ બધાની તપાસ કરવામાં આવી રહી છે.

શનિવારે સામે આવેલા પહેલા વીડિયોમાં જેલની અંદર કેદીઓને ફોનનો ઉપયોગ કરતા દર્શાવવામાં આવ્યા હતા. સિરિયલ કિલર અને બળાત્કારી ઉમેશ રેડ્ડી સાથે ISIS આતંકવાદી ઝુહૈબ પણ જોવા મળ્યા હતા. કેટલાક કેદીઓને જેલની અંદર ટેલિવિઝન જોતા પણ જોવા મળ્યા હતા, જોકે પહેલાંના વીડિયોની પુષ્ટિ પણ થઈ શકી નથી. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને ટૂંક સમયમાં રિપોર્ટ માગવામાં આવ્યો છે. જેલના ડીજી (ADGP) બી. દયાનંદે તપાસના આદેશ આપ્યા છે. ભાજપના ધારાસભ્ય વિજયેન્દ્ર યેદિયુરપ્પાએ સોશિયલ મીડિયા પર વીડિયોના સ્ક્રીનશોટ શેર કર્યા. તેમણે કહ્યું, કર્ણાટકની જેલો હવે રિસોર્ટમાં ફેરવાઈ ગઈ છે. પરપ્પાના અગ્રહારા જેલમાં દેશદ્રોહી આતંકવાદીઓ, બળાત્કારીઓ, દાણચોરો અને ખૂનીઓને ખાસ સુવિધાઓ આપવામાં આવી રહી છે.

વિજયેન્દ્ર યેદિયુરપ્પાએ કહ્યું, કર્ણાટક ગુનેગારો અને આતંકવાદીઓ માટે આશ્રયસ્થાન બની ગયું છે.

# સીરિયાના રાષ્ટ્રપતિ અલ-શારા ટ્રમ્પ સાથે મુલાકાત કરશે

## અમેરિકાએ આતંકી માન્યા, 84 કરોડનું ઇનામ હતું, હવે UNએ પણ આતંકવાદીનું ટેગ દૂર કર્યું

**વોશિંગ્ટન**

સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારા આજે વ્હાઈટ હાઉસ ખાતે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. તેઓ રવિવારે વોશિંગ્ટન પહોંચ્યા હતા. આ વર્ષે બંને નેતાઓ વચ્ચે આ બીજી મુલાકાત છે. અગાઉની મુલાકાત મે 2025 માં સાઉદી અરેબિયામાં થઈ હતી. અલ-કાયદા સાથે જોડાયેલા અલ-શારાને 2013માં અમેરિકા દ્વારા આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. તેના પર $10 મિલિયન અથવા લગભગ 84 કરોડ (આશરે 84 કરોડ) નું ઈનામ હતું. અલ-શારાએ ગયા ડિસેમ્બરમાં સીરિયામાં બળવાનું નેતૃત્વ કર્યું હતું. તે આ વર્ષે 29 જાન્યુઆરીએ સીરિયાના વચગાળાના રાષ્ટ્રપતિ બન્યા.

બે દિવસ પહેલા 7 નવેમ્બરના રોજ, અમેરિકાએ તેમને આતંકવાદી યાદીમાંથી દૂર કર્યા. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે શારાની સરકારે ગુમ થયેલા અમેરિકનોની શોધ અને શસ્ત્રોનો નાશ કરવા જેવી યુએસ જરૂરિયાતો પૂરી કરી હતી. તેથી, તેમને યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા.



આ વાટાઘાટોનો એજન્ડા સીરિયામાં શાંતિ અને વ્યવસાયિક સોદા છે. અમેરિકન કંપનીઓએ સીરિયાના ઊર્જા માસ્ટર પ્લાન પર કામ કર્યું છે. રસ્તાઓ, પુલો અને રહેઠાણ માટેના કોન્ટ્રાક્ટ અમેરિકન કંપનીઓને મળી શકે છે.

અમેરિકાની તેમની મુલાકાત દરમિયાન શારાના નેતૃત્વ હેઠળ સીરિયા, ISIS સામે અમેરિકાને સમર્થન આપવાની જાહેરાત કરે તેવી અપેક્ષા છે. મીડિયા અહેવાલો અનુસાર, અમેરિકા દમાસ્કસ નજીક એક લશ્કરી થાણું સ્થાપિત કરશે, જ્યાં માનવતાવાદી સહાયનું વિતરણ કરવામાં આવશે અને સીરિયા-ઇઝરાયલ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવશે.

ISIS સામે સહયોગ: ISIS ને હરાવવા માટે યુએસની આગેવાની હેઠળના વૈશ્વિક ગઠબંધનમાં સીરિયાને સમાવવા માટે કરાર પર હસ્તાક્ષર. આ અલ-શારા સાથે યુએસ રીઅલપોલિટિક (વ્યવહારિક રાજદ્વારી)નો એક ભાગ છે, જેનો હેતુ પ્રાદેશિક સુરક્ષાને મજબૂત બનાવવાનો છે.

પુનર્નિર્માણ: 13 વર્ષના સીરિયન ગૃહયુદ્ધ (2011-2024) દ્વારા નુકસાન પામેલા માળખાગત સુવિધાઓના પુનઃનિર્માણ માટે ચર્ચાઓ ચાલી રહી છે, અને 216 બિલિયન ડોલરની સહાયની વિનંતી શક્ય છે. યુએસ સીરિયાને સહાય પૂરી પાડવા માટે પગલાં લઈ શકે છે.

પ્રતિબંધો હળવા કરવા: યુએસ પ્રતિબંધો (જેમ કે સીઝર એક્ટ) ધીમે ધીમે હટાવવાના પ્રયાસો. સંયુક્ત રાષ્ટ્રમાં પોતાના ભાષણમાં, અલ શારાએ સીરિયન લોકો પરનો બોજ ઓછો કરવા માટે તેમનો સંપૂર્ણ અંત લાવવા હાકલ કરી.

ઇઝરાયલ સાથે કરાર: યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલ ઇઝરાયલ-સીરિયા સરહદ સુરક્ષા કરાર તરફના પગલાં. આ 2025 ના અંતમાં નિર્ધારિત સીધી વાટાઘાટોના પાંચમા રાઉન્ડનો આધાર બનશે. વધુમાં, અબ્રાહમ કરારના વિસ્તરણ પર પણ વાટાઘાટો થઈ શકે છે.

મે મહિનામાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયામાં અલ-શારા સાથે મુલાકાત કરી હતી. તેમની મુલાકાત દરમિયાન, ટ્રમ્પે સીરિયા પર લાદવામાં આવેલા અનેક પ્રતિબંધો હટાવવાનો આદેશ આપ્યો હતો. અમેરિકાએ અસદ સરકારને નબળી પાડવા માટે તેલ, ગેસ, બેંકિંગ અને લશ્કરી સાધનો, જેમાં નાણાકીય વ્યવહારો પણ સામેલ હતા, પર પ્રતિબંધો લાદ્યા હતા. પ્રતિબંધોએ સીરિયાને આર્થિક, રાજકીય અને તકનીકી રીતે મોટાભાગે દુનિયાથી કાપી નાખ્યું છે. યુએસ કોંગ્રેસે 2019 માં સીરિયા પર કડક પ્રતિબંધો લાદતો કાયદો ઘડ્યો હતો.

જોકે, કાયદામાં એવી જોગવાઈ હતી કે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓના આધારે યુએસ રાષ્ટ્રપતિ આ પ્રતિબંધો હટાવી શકે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ સત્તાનો ઉપયોગ કર્યો અને તમામ પ્રતિબંધો હટાવી લીધા.

25 વર્ષમાં આ કોઈ અમેરિકી રાષ્ટ્રપતિ અને સીરિયન રાષ્ટ્રપતિ વચ્ચેની પહેલી મુલાકાત હતી, પહેલી મુલાકાત 2000માં સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં અમેરિકાના રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને તત્કાલીન સીરિયન રાષ્ટ્રપતિ હાફેઝ અલ-અસદ (બશર અલ-અસદના પિતા) વચ્ચે થઈ હતી. અહેમદ અલ-શારાએ 2003 માં પોતાનો તબીબી અભ્યાસ છોડી દીધો અને અલ-કાયદાના નેતાઓના સંપર્કમાં આવ્યો. 2005 માં યુએસ સૈન્ય દ્વારા તેની ધરપકડ કરવામાં આવી અને તેને કેદ કરવામાં આવ્યો. તેની મુક્તિ પછી, અલ-શારાએ અલ-કાયદાની સીરિયન શાખા, જભત અલ-નુસ્રાની રચના કરી.

2016માં, તેણે અલ-કાયદાથી અલગ થઈને હયાત તહરિર અલ-શામ (HTS) ની સ્થાપના કરી. ડિસેમ્બર 2024માં બશર અલ-અસદના પતન પછી જુલાનીએ સત્તા સંભાળી. તે સમયે જ દુનિયાને તેનું સાચું નામ ખબર પડી.

## આતંકી હાફિઝ સઈદ બાંગ્લાદેશ પહોંચ્યો, ત્યાંથી ભારત પર હુમલો કરશે

# લશ્કર કમાન્ડરે જણાવ્યું, યુવાઓને ટ્રેનિંગ અપાઈ રહી છે, 'ઓપરેશન સિંદૂર'નો બદલો લેવાની તૈયારી

**ઇસ્લામાબાદ**

આતંકવાદી હાફિઝ સઈદ ભારત પર હુમલા માટે નવાં ષડયંત્ર બનાવી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, સઈદ આ હુમલા માટે બાંગ્લાદેશને લોન્ચપેડ તરીકે તૈયાર કરી રહ્યો છે.



આ ખુલાસો પાકિસ્તાનના ખૈરપુર તામેવાલીમાં 30 ઓક્ટોબરના રોજ થયેલી એક રેલીના વીડિયોમાંથી થયો છે. લશ્કર-એ-તૈયબાના સિનિયર કમાન્ડર સૈફુલ્લાહ સૈફે કહ્યું- હાફિઝ સઈદ ખાલી બેઠા નથી, તેઓ બાંગ્લાદેશના રસ્તે ભારત પર હુમલો કરવાની કોશિશ કરી રહ્યા છે.

સૈફે કહ્યું- ભારત આપણી ઉપર હુમલો કરી રહ્યું હતું, અમેરિકા તેમની સાથે હતું, પરંતુ આજે તેમનો સાથ કોઈ આપતું નથી. સૈફે દાવો કર્યો કે લશ્કરના આતંકી પહેલાંથી જ બાંગ્લાદેશમાં સક્રિય છે અને 'ઓપરેશન સિંદૂર'નો બદલો લેવાની તૈયારીમાં છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, હાફિઝ સઈદે પોતાના નજીકના સાથીને બાંગ્લાદેશ મોકલ્યો છે, જે ત્યાંના યુવાઓને ટ્રેનિંગ આપી રહ્યો છે.

રેલીમાં આતંકવાદી સૈફે લોકોને ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવા માટે ઉશ્કેર્યા હતા. રેલીમાં બાળકો પણ હાજર હતા. આતંકવાદી સંગઠનો સગીરોને પણ ઉશ્કેરીને તેમનો ભારત વિરુદ્ધ ઉપયોગ કરવા માગે છે.

સૈફે પાકિસ્તાની સેનાની પ્રશંસા કરતી વખતે ખોટો દાવો કર્યો હતો કે આ કાર્યવાહી 9-10 મેની રાત્રે થયેલા 'ઓપરેશન સિંદૂર'ના જવાબમાં હતી.

તાજેતરમાં લશ્કર-એ-તૈયબા (LeT) ના ડેપ્યુટી ચીફ સૈફુલ્લાહ કસુરીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે ભારતમાંથી હિન્દુઓનો નાશ કરવાની ધમકી આપી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વીડિયો 22 એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલા પહેલાં લેવામાં આવ્યો હતો. કસુરી આ હુમલાના માસ્ટરમાઈન્ડ્સમાંનો એક છે.

વીડિયોમાં તે કહે છે, આપણો કાફલો ન તો રોકાશે કે ન તો થોભશે અને જ્યાં સુધી આપણે આખા ભારતમાં 'લા ઈલાહા ઈલ્લાલ્લાહ' (અલ્લાહ સિવાય કોઈ નથી) નો ધ્વજ લહેરાવીશું નહીં ત્યાં સુધી શાંતિથી બેઠીશું નહીં.'

કસુરીએ આગળ કહ્યું- સમય આવી જ રહ્યો છે, કોઈ નિરાશા નથી. આપણે જે મેદાન પર ઊભા છીએ ત્યાં આપણા દુશ્મનને હરાવી દીધા છે. આ હિન્દુઓ આપણી સામે શું છે? ભારતના હિન્દુઓનો નાશ થશે અને ઈસ્લામનું શાસન આવવાનું છે.' કસુરી વીડિયોમાં કહે છે કે તે મુરીદકે સ્થિત લશ્કર-એ-તૈયબાના મુખ્યાલયથી આ ભાષણ આપી રહ્યો છે. ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન લશ્કર-એ-તૈયબાના આ મુખ્યાલય પર હુમલો કર્યો હતો. પાકિસ્તાની સેનાએ પાછળથી ખોટો દાવો કર્યો હતો કે તે આતંકવાદી ઠેકાણું નથી, પણ એક મસ્જિદ છે. કસુરીએ પાકિસ્તાનને 'અલ્લાહ તરફથી સલામત આશ્રયસ્થાન' તરીકે વર્ણવ્યું. તેણે કહ્યું, 'પાકિસ્તાન સલામતી અને શાંતિની ભૂમિ છે, વિશ્વભરના મુસ્લિમોનો સહાનુભૂતિ ધરાવતો અને મદદગાર છે.'

આ ઉપરાંત કસુરીએ વિશ્વને પાકિસ્તાનનો આદર કરવા અને તેની સાથે જોડાવા કહ્યું.

આ પહેલાં 17 સપ્ટેમ્બરના રોજ કસુરીએ ટેલિગ્રામ પર એક વીડિયો જાહેર કર્યો હતો, જેમાં ભારત અને પીએમ મોદીને ગંભીર પરિણામોની ધમકી આપવામાં આવી હતી.

વીડિયોમાં કસુરીએ ચેતવણી આપી હતી કે જમ્મુ અને કાશ્મીરમાં ભારતીય બંધ, નદીઓ અને વિસ્તારો પર કબજો કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

કસુરીએ ખુલાસો કર્યો કે પાકિસ્તાન સરકાર અને સેના આતંકવાદી સંગઠનને મુરીદકેમાં તેના મુખ્યાલયને ફરીથી બનાવવા માટે ભંડોળ પૂરું પાડી રહ્યા હતાં, જે ઓપરેશન સિંદૂર દરમિયાન નાશ પામ્યું હતું.

કસુરી જમ્મુ અને કાશ્મીરમાં લશ્કર-એ-તૈયબા (LeT) અને TRF આતંકવાદી પ્રવૃત્તિઓનો મુખ્ય સંચાલક છે. કસુરી સૈફુલ્લાહ ખાલિદના નામથી પણ ઓળખાય છે. તે આંતરરાષ્ટ્રીય આતંકવાદી હાફિઝ સઈદનો જમણો હાથ છે.

સૈફુલ્લાહને લક્ઝરી કારનો શોખ હોવાનું માનવામાં આવે છે અને તે હંમેશાં આધુનિક શસ્ત્રોથી સજ્જ આતંકવાદીઓના અનેક સ્તરોથી ઘેરાયેલો રહે છે.

# TMCનો દાવો-SIRના ડરથી 15 લોકોના મોત થયા ભાજપે કહ્યું- જનતાને ગેરમાર્ગે દોરવામાં આવી રહી છે

- **બંગાળમાં 5.15 કરોડથી વધુ SIR ફોર્મનું વિતરણ થયું**

**કોલકાતા**

બિહાર બાદ, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વોટર લિસ્ટ રિવિઝન (SIR) શરૂ થઈ ગયું છે. પશ્ચિમ બંગાળમાં SIRને લઈને રાજકારણ ગરમાયું છે. શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ દાવો કર્યો છે કે 27 ઓક્ટોબરથી SIR શરૂ થયા પછી ત્રણ મહિલાઓ સહિત 15 લોકો મૃત્યુ પામ્યા છે.

TMCએ કહ્યું કે કેટલાક લોકોએ SIRના ડરથી આત્મહત્યા કરી, જ્યારે કેટલાકના મૃત્યુ હાર્ટ એટેક અથવા બ્રેઈન સ્ટ્રોકથી થયા. જોકે, ભાજપે આ આરોપોને નકારી કાઢ્યા અને તેમને 'રાજકીય પ્રચાર' ગણાવ્યો. ભાજપે કહ્યું કે TMC જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

પશ્ચિમ બંગાળમાં વિરોધ છતાં 80 હજારથી વધુ બૂથ-લેવલ અધિકારીઓ SIR ફોર્મનું વિતરણ કરી રહ્યા છે. 9 નવેમ્બરના રોજ રાત્રે 8 વાગ્યા સુધીમાં,5.15 કરોડથી વધુ SIR ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. 4 નવેમ્બરથી શરૂ થયેલું આ કાર્ય 4 ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

પશ્ચિમ મેદિનાપુરમાં એક BLOએ તેના પતિને તેના વતી ફોર્મ વિતરણ કરવાનું કહ્યું. કામના દબાણને ટાંકીને, તેમણે કહ્યું કે આવું ફરી નહીં થાય.

નવા અલીપુરની સાહપુર સ્કૂલમાં એક BLO ફોર્મનું વિતરણ કરતા જોવા મળ્યા.

દક્ષિણ 24 પરગણાના જોયપુરના સફીકુલ (35)નો મૃતદેહ 5 નવેમ્બરના રોજ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. તેમની પત્નીએ આત્મહત્યાનું કારણ SIR ગણાવ્યું હતું, પરંતુ તેમના સાળા, અલામીન મોલ્લાએ કહ્યું હતું કે, 'મૃત્યુ કૌટુંબિક સમસ્યાઓને કારણે થયું હતું, SIRથી નહીં.' ઝારગ્રામના દોમન મહતો (58)ના મૃત્યુને પણ SIR સાથે જોડવામાં આવ્યું હતું, તેમની પુત્રીએ કહ્યું હતું કે, 'મારા પિતાનું મૃત્યુ બ્રેન સ્ટ્રોકથી થયું હતું, અને તેનો SIR સાથે કોઈ સંબંધ નથી.'

જોકે, પાનિહાટીમાં 57 વર્ષીય પ્રદીપ કરની આત્મહત્યાના કિસ્સામાં, પોલીસને એક સુસાઇડ નોટ મળી જેમાં લખ્યું હતું, 'મારા મૃત્યુ માટે NRC જવાબદાર છે.' રાજકીય વિશ્લેષક વિશ્વનાથ ચક્રવર્તી કહે છે, 'ચૂંટણી પંચની જાગૃતિનો અભાવ અને તૃણમૂલ કોંગ્રેસની રાજકીય રણનીતિ, બંનેએ SIRને વિવાદનો વિષય બનાવ્યો છે.'

પશ્ચિમ બંગાળના પૂર્વા વર્ધમાન જિલ્લામાં SIR માં કાર્યરત બૂથ લેવલ ઓફિસર (BLO) નમિતા હંસદા (50) નું સ્ટ્રોકથી મૃત્યુ થયું. તેમના પતિ માધવે દાવો કર્યો હતો કે તેમનું મૃત્યુ કામના દબાણ અને તણાવને કારણે થયું છે. ICDS કાર્યકર નમિતા મેમારી બેઠકના બૂથ નંબર 278 પર SIRના કામમાં લાગેલા હતા અને સમયમર્યાદાને લઈને ખૂબ જ ચિંતિત હતી. શનિવારે રાત્રે, તેમને અચાનક સ્ટ્રોક આવ્યો અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ દરમિયાન, BLO એકતા મંચે CEO મનોજ અગ્રવાલને પત્ર લખીને મૃતકના પરિવારને 50 લાખ રૂપિયાનું વળતર આપવાની માંગ કરી.

તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જીએ SIR આતંકવાદથી માર્યા ગયેલા લોકોના પરિવારોને મદદ કરવા માટે એક હેલ્પ ડેસ્ક અને લીગલ સેલની રચના કરી. પાંચ લોકોના પરિવારોને નાણાકીય સહાય પણ મોકલવામાં આવી. મૃતકોના પરિવારોને મદદ કરવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ હેઠળ, સાંસદો અને મંત્રીઓ પરિવારો સાથે મુલાકાત કરી રહ્યા છે અને તેમને સહાયની ખાતરી આપી રહ્યા છે.

**તંત્રી લેખ**

## ડાયાબિટીસ-કેન્સરના દર્દીઓને અમેરિકાના વિઝા નહીં મળે

ડાયાબિટીસ, સ્થૂળતા અને કેન્સર જેવી બીમારીઓથી પીડિત લોકોને હવે અમેરિકામાં પ્રવેશવામાં મુશ્કેલી પડી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે શુક્રવારે વિશ્વભરના યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને નિર્દેશ આપ્યો હતો કે ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને અમેરિકામાં મુસાફરી કરવા કે રહેવાની મંજૂરી ન આપવામાં આવે. આ નિયમ 'પબ્લિક ચાર્જ' નીતિ પર આધારિત છે, જેનો ઉદ્દેશ એવા ઈમિગ્રન્ટ્સને રોકવાનો છે જેઓ યુએસ સરકારી સંસાધનો પર નિર્ભર બની શકે છે. તે વિઝા અધિકારીઓને અરજદારોના સ્વાસ્થ્ય, ઉંમર અને નાણાકીય સ્થિતિની તપાસ કરવાની સલાહ આપે છે. જો કોઈ વ્યક્તિને ભવિષ્યમાં ખર્ચાળ તબીબી સંભાળની જરૂર પડે અથવા સરકારી સહાય પર નિર્ભર બને તો તેમના વિઝા રિજેક્ટ કરવામાં આવશે. વિઝા અધિકારીઓ નક્કી કરશે કે ઈમિગ્રન્ટ્સ સરકાર પર બોજ છે કે નહીં, અધિકારીઓને આપવામાં આવેલા નિર્દેશમાં જણાવાયું છે કે અરજદારના સ્વાસ્થ્યને ધ્યાનમાં લેવું મહત્ત્વપૂર્ણ છે. હૃદયરોગ, શ્વસન સમસ્યાઓ, કેન્સર, ડાયાબિટીસ, મેટાબોલિક રોગો, ન્યુરોલોજિકલ રોગો અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી તબીબી પરિસ્થિતિઓ લાખો ડોલરના ખર્ચે સંભાળની જરૂરિયાત તરફ દોરી શકે છે. વધુમાં, અધિકારીઓ સ્થૂળતા જેવી પરિસ્થિતિઓને પણ ધ્યાનમાં લેશે, કારણ કે એ અસ્થમા, સ્લીપ એપનિયા અને હાઈ બ્લડપ્રેશર જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. નવા નિર્દેશો હેઠળ, અધિકારીઓએ નક્કી કરવું પડશે કે શું સ્થળાંતર કરનારી વ્યક્તિ 'પબ્લિક ચાર્જ' બની શકે છે, જેનો અર્થ સરકારી સંસાધનો પર બોજ છે અને શું તેમને ખર્ચાળ લાંબા ગાળાની સંભાળની જરૂર પડશે. અહેવાલ મુજબ, 'વિઝા અધિકારીઓને એ પણ તપાસવાનું કહેવામાં આવ્યું છે કે શું અરજદાર સરકારી સહાય વિના તેમના જીવનભર પોતાના તબીબી ખર્ચાઓનો સામનો કરી શકે છે. વધુમાં, બાળકો અથવા વૃદ્ધ માતાપિતા જેવા પરિવારના સભ્યોના સ્વાસ્થ્યને પણ ધ્યાનમાં લેવાની જરૂર પડશે.' વિઝા અધિકારીઓ આરોગ્યની સ્થિતિ તપાસવા માટે તાલીમ પામેલા નથી લીગલ ઈમિગ્રેશન નેટવર્કના સિનિયર એટર્ની ચાર્લ્સ વ્હીલરે આને ચિંતાનો વિષય ગણાવ્યો અને કહ્યું કે વિઝા અધિકારીઓ સ્વાસ્થ્ય સ્થિતિ તપાસવા માટે તાલીમ પામેલા નથી. વ્હીલરે કહ્યું- 'અધિકારીઓ પાસે આ રોગ કેટલો ખતરનાક છે અથવા એ સરકારી સંસાધનોને કેટલી અસર કરશે એનું મૂલ્યાંકન કરવાનો અનુભવ નથી' આ દરમિયાન જ્યોર્જટાઉન યુનિવર્સિટીના ઈમિગ્રેશન વકીલ સોફિયા ગેનોવેસે જણાવ્યું હતું કે ગ્રીન કાર્ડ પ્રક્રિયામાં તબીબી રેકોર્ડ જરૂરી છે, પરંતુ આ નિર્દેશ અરજદારોના તબીબી ખર્ચ અને યુએસમાં નોકરી શોધવાની તેમની ઈચ્છાના આધારે તેમના તબીબી ઈતિહાસને ઘટાડવા પર ભાર મૂકે છે. જેનોવેસે કહ્યું હતું કે કોઈપણ વ્યક્તિને ડાયાબિટીસ અથવા હૃદયની સમસ્યાઓ હોઈ શકે છે. સ્વાસ્થ્યની સ્થિતિ અગાઉ તપાસવામાં આવી હતી, પરંતુ 'જો કોઈ અચાનક ડાયાબિટીસના આઘાતમાં જાય તો શું?' જો આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવામાં આવે તો એ વિઝા ઈન્ટરવ્યૂ દરમિયાન ઘણી સમસ્યાઓ ઊભી કરશે.

# જીવ ને શિવ ની કક્ષા ઉપલબ્ધ થાય ત્યારે તેને ઝંખના અને જીજ્ઞાસા વચ્ચેનો ભેદ સમજાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવીને ત્રિકાળનો દોષ લાગ્યો છે, એટલે કે આવતીકાલે શું થશે? એવું વિચારવાની તેની ટેવને કારણે ક્યારેક એવું લાગે તે વર્તમાન માંથી આનંદ લઈ શકતો નથી, અને સંતોષની તેની ધરોહર ક્યારે બની શકતી નથી, એટલે સીધા સાદા શબ્દોમાં કહીએ તો તેને નથી પોતાની પર ભરોસો, નથી પોતાના કર્મ પ્રત્યે ભરોસો, નથી પ્રારબ્ધ પર ભરોસો કે, નથી ઈશ્વર પ્રત્યે ભરોસો,અને તેને કારણે આખી જિંદગી આમ અહીં તહીના ભટકાવમાં જાય છે. આપણી પાસે શું છે, તેનું મહત્વ જ્યાં સુધી સમાજના ધનિક વર્ગ સામે જોઈએ તો ક્યારેય થાય નહીં. પરંતુ ક્યારેક ક્યારેક ઝુપડપટ્ટી તરફ નજર કરીએ, તો ઈશ્વર પ્રત્યે થોડા આભારના ઉદગાર જરૂર નીકળે. આકાશમાં ચંદ્ર પણ પૂનમનો ક્યારેય એકધારો રહેતો નથી, તેને પણ પોતાની કલા વધતી ઓછી કરવી પડે છે. તેમ અહીં દરેકની કલા ચડતી અને ઘટતી હોય છે, એ સત્યને સ્વીકારી લેવાથી થોડું સમસ્યા સામે સમાધાન મેળવી શકાય. ઓશોનું વાક્ય વાંચ્યું હતું કે બહારની વસ્તુઓ માટે કદાચ આપણો વિશ્વાસ દ્રઢ ન્હોય તો અન્યના કહેવા પ્રમાણે આપણે અનુસરીએ તો જીવનમાં આગળ ચાલી શકાય, પરંતુ આપણા આંતરિક ઉદ્ધારની વાત હોય ત્યાં કોઈ એક તત્વ પ્રત્યે ભરોસો હોવો બહુ જ જરૂરી છે, અને તો જ ત્યાં ઉત્થાનની ક્રિયા આગળ સંભવ બને. પરંતુ એની માટે જ્ઞાનની જિજ્ઞાસા હોવી જરૂરી છે. તો આજે આપણે જિજ્ઞાસા શબ્દ પર થોડું ચિંતન કરીશું. ઝંખના અને જિજ્ઞાસા આ બંને શબ્દમાં તત્વતઃ તફાવત છે, ઝંખના શબ્દમાં ક્યાંક ઈચ્છા કે એષણાનો એટલે કે ભોગનો ધ્વનિ વરતાય એટલે કે રજોગુણી કામના. મનની અતૃપ્ત ઈચ્છાઓ પૂર્ણ થાય એવો ભાવ હોય છે. જ્યારે જીજ્ઞાશા શબ્દમાં જીવની જ્ઞાન કે પરમતત્વનું જ્ઞાન મેળવવાની ઈચ્છા આપણે જિજ્ઞાસા કહીએ છીએ. પરંતુ સંસારી અને ભોગી જીવને જ્ઞાન પણ કેવું અને કેટલું હોય, એટલે તેની માટે એકંદરે આશા પણ એટલી ઊંચી હોય નહીં. વધી વધીને પરમ તત્ત્વ શું છે? અથવા તો ઈશ્વર આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન આમ કેમ કરી રહ્યો છે? એટલે કે મહામારી, ઋતુચક્રનો બદલાવ, અતિવૃષ્ટિ ધરતીકંપ કે પછી અન્ય કોઇ કુદરતી હોનારત જોઈએ, ત્યારે આપણા મનમાં આવો ભાવ આવે, અને એવી દ્વિધા પણ હોય! તો પછી સવાલ એ થાય કે સાચું જ્ઞાન શું છે! અને એ કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? પ્રથમ તો આત્મતત્વને જોયા જાણ્યા વગર જે પરમાત્મ તત્વને જોવા-જાણવા કે માણવા નીકળે તો તેની યાત્રા સફળ થતી નથી. પહેલા તો દેહમાં રહેલ દેહી પ્રત્યેનું જ્ઞાન પ્રાપ્ત થવું પૂર્ણ આવશ્યક છે, અને જ્યાં સુધી દેહ એ સ્વયં સંચાલિત છે, એવો ભાવ રહે એટલે કે મારા કરવાથી આ બધું થાય છે, એવો ભાવ હોય, ત્યાં સુધી આ યાત્રા આગળ ચાલી શકતી નથી. ટૂંકમાં હું પણું છૂટે, ત્યારે જ જ્ઞાનની ઉપલબ્ધિ શક્ય છે. વિવેકી હોવું, નમ્ર હોવું, અને શરણાગત હોવું, એમાં ઘણો તફાવત છે. શરણાગત એટલે કે હું અહીં કંઈ જ કરતો નથી, હે ઈશ્વર આ મારો દેહ તું સંચાલિત કરી રહ્યો છે, એ વાત પર પૂર્ણ વિશ્વાસ છે, એવું જ્ઞાન જ્યારે થાય, ત્યાર પછી જિજ્ઞાસા થાય છે, કે તો પછી તારું વિરાટ સ્વરૂપ કેવું હશે,કે જે સમગ્ર સૃષ્ટિનુ સંચાલન બખૂબી કરે છે, અને એ પણ એક પણ ભૂલ વગર! કોઈ નિશ્ચિત ચરણમાં આપણી જાતનું સમર્પણ કરી દઈએ, તો આ ગેબ અને ગેબીનાં રહસ્ય જલ્દી સમજાય, અને ઈશ્વર તત્વને માણી શકાય. જીવની જિજ્ઞાસાની તીવ્રતા જેટલી વધુ, એટલું પરિણામ વધુ ફળદાયી બને. પરંતુ આધુનિક માનવ ઝંખના અને જિજ્ઞાસાની એક જ વ્યાખ્યા કરતો થઈ ગયો છે, અને ઝંખના માટે બાકી બધી જ ક્રિયાઓ તેની માટે ગૌણ બની જાય છે, અને તેની પ્રાથમિકતા કે જરૂરિયાત માત્ર ને માત્ર ઝંખના પૂર્ણ કરવી એ જ બની રહે છે, એટલે જોઈએ તેટલું પરિણામ મળતો નથી. નહીતો આજના આ યુગમાં ધર્મ સભાઓ પણ ખૂબ થાય છે, હરી કથાનું આયોજન પણ ખૂબ થાય છે, કુંભમેળાના મોટા મોટા આયોજન થાય છે, તેમજ તત્વચિંતકો પણ પોતાની રીતે સત્વ તત્વનું સંતુલન કઈ કઈ રીતે કરી શકાય, એ વિશે મીમાંસા કરતા જોવા મળે છે. પરિણામે 500000 માંથી 5 જણા પણ સમાજમાં સુધરતા હોય તો ખોટ નથી, એવું વિચારીને આ પ્રકારના આયોજનો વધુને વધુ થતા હોય છે. એટલે ઘણીવાર સામ્પ્રત સમાજની આ અતિ ભ્રષ્ટ અને ઉગ્ર એટલે કે હિંસા ધરાવતી વૃત્તિઓ આખરે ક્યાં લઈ જશે,? એવી કરુણા થાય. દ્વાપરમાં કૃષ્ણની સૌથી મોટી પીડા એ રહી કે યાદવ કુળનો નાશ અંદરોઅંદરના વૈમનસ્યને કારણે થયો, એ જ રીતે કળિયુગનો અંત પણ ભ્રષ્ટાચારની પરાકાષ્ઠાએ અંદરોઅંદરના વિદ્રોહને કારણે થશે. બ્રહ્મજ્ઞાન માટે હિંદુ સંસ્કૃતિમાં ઉત્તમોત્તમ શાસ્ત્રો છે, એટલે કે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતા, અને શ્રીમદ્ ભાગવત, આ ઉપરાંત અન્ય ધર્મના પણ ગ્રંથો હોઈ શકે, જે જીવને સ્પષ્ટપણે જીવ શિવનો તફાવત બતાવે, અને શિવ તરફ કઈ રીતે આગળ વધી શકાય, જીવ શિવ એકાકાર, કે મિલન કઈ રીતે થાય, આ બધું જ એ શાસ્ત્રોમાં છે, અને એનો અર્થ કરી શકીએ એટલા તો સાક્ષર પણ છીએ. પરંતુ બે શ્લોક વચ્ચેનો શૂન્યાવકાશ પણ જ્યારે બોલે, અથવા તો એનો અર્થ પણ સમજાય ત્યારે શાસ્ત્ર આત્મસાત કર્યું એમ કહી શકાય, અને પછી જ્ઞાન વિશેની જે આશા જાગે તે જિજ્ઞાસા છે. પરંતુ વિજ્ઞાનની ચકાચૌંધમાં માનવી જ્ઞાન વિશેની જીજ્ઞાસા કરતા બંધ થઇ ગયો છે, દેહથી આગળનું કે દેહની અંદરનું સત્ય તેને દેખાતું નથી, એટલે બહાર વિષમ પરિસ્થિતિમાં જીવનારા પ્રત્યે સંવેદના નથી, અને પોતે પોતાની જિંદગી વેડફી રહ્યો છે, એવી વેદના પણ નથી. અમુક વાત એવી હોય કે તેમાં ખુદની મરજી ન હોય તો કંઈ ન થઈ શકે, એટલે કે જાણકારી ઘણી છે, પરંતુ એ મેળવવા માટેની એકાદ ક્રિયા પણ સક્રિય થાય તો જ આ યાત્રા સંભવ બને. બીજી એક ભૂલ માનવીની એ છે કે પ્રાથમિક માથી હાઈસ્કૂલમાં, હાઈસ્કુલ માંથી કોલેજમાં, કોલેજમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે, એટલે પોતે પૂર્ણ જ્ઞાની. પરંતુ એને અક્ષર જ્ઞાની કહેવાય. બ્રહ્મજ્ઞાન તો બધાંની વચ્ચે રહીને બધાંને સમસ્યા સાથે સ્વીકારવાથી મળે. ઈશ્વરનાં રૂપ સ્વરૂપની ધારણા કરી તેનું અનુસંધાન કરવું, અને ઈશ્વરને અન્યમા જોઈ અને તેની સાથે પ્રેમભર્યો સંબંધ કેળવીયે! આ બંનેમાં ઘણો તફાવત છે. એકમાં માત્ર કાલ્પનિક અનુભૂતિ છે, અને બીજામાં એના સાનિધ્યનો પણ અનુભવ ભળે છે. બ્રહ્મજ્ઞાન કે પરમ જ્ઞાનની જો સીધી સાદી વ્યાખ્યા કરવામાં આવે તો, સમય સંજોગ, કે પછી સમસ્યાનો ત સ્વીકાર, છતાં સહજ થઈ શકવાની સમજ જેને પ્રાપ્ત થાય તે બધા જ બ્રહ્મજ્ઞાની છે, એમ કહી શકાય. જોકે ભક્તિ માર્ગીય માટે ઝંખના અને લાલસા એ ઠાકોરજી ના મુખના દર્શનની ઝાંખી માટે વપરાય છે, હિંડોળા આદિ દર્શન એનું પ્રમાણ છે. આપણે જિજ્ઞાસા પ્રત્યે થોડા જાગૃત થઈએ, તેની તીવ્રતા વધારીએ, એ પ્રકારનું બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી જીવનને સરળ અને મધુર બનાવીએ, અહીં જ ઈશ્વરને અનુભવીએ, અને એકમેકમાં પરમાત્મ તત્વના દર્શન કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



## 685 લોકો દ્વારા કરાયેલા સામૂહિક ધૂપ સ્નાન, ફેસ મડ પેક અને વૃક્ષાસનને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં પ્રાપ્ત થયું સ્થાન



**(વંદના નીલકંઠ વાસુકીયા) વિરમગામ**

ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં નેચરોપેથી - પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલે 'નેચરોપથી ડે' અને 'પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વ'ના કટ આઉટનું અનાવરણ કર્યું હતું. પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વની ઉજવણી અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સવારે ૬૮૫ લોકોએ એકસાથે વૃક્ષાસન કરી, ચેહરા પર ફેસ મડ પેક કરીને સામૂહિક ધૂપ સ્નાન કર્યા હતા. જેને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો. સાથે જ, ૬૮૫ લોકો દ્વારા કરાયેલા સામૂહિક વૃક્ષાસન અને ધૂપ સ્નાનને એશિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો. જેમાં વિરમગામના નીલકંઠ વાસુકીયા, ખેમાભાઇ રથવી, કૃષ્ણકાંત ઠાકોર, ઉર્વેશભાઈ રાઠોડ રેકોર્ડમાં સહભાગી થયા હતાં અને તેઓને અનેક લોકો દ્વારા સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આજના ભૌતિકવાદના યુગના દુષ્પરિણામો આપણે અનુભવી રહ્યા છીએ. આવા સમયે સ્વાસ્થ્ય અને પ્રકૃતિ સાથે જોડાણનું મહાઅભિયાન ચલાવવા બદલ તેમણે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ અનંત બિરાદરે આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સૂર્યા ફાઉન્ડેશન-INO(ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન) અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપથી (NIN), આયુષ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ૯ થી ૧૮ નવેમ્બર દરમિયાન ગુજરાત રાજ્ય અને દેશના અન્ય ભાગોમાં યોગ-પ્રાકૃતિક ચિકિત્સા પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના ગુજરાતના અધ્યક્ષ મુકેશભાઈ શાહે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત અને મહારાષ્ટ્રમાં પ્રાકૃતિક ખેતીની મુહિમ શરૂ કરાવવા સાથે ગુરુકુળ શિક્ષણ પરંપરા અને આયુર્વેદની સંસ્કૃતિ આગળ વધારવા સતત માર્ગદર્શન પૂરું પાડ્યું છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સામૂહિકપણે નેચરોપથી ગીતનું ગાન કર્યું હતું.

# નામ સ્તવનમાં કોઈ સાધનની જરૂર નથી. નામ સ્તવન, નામ જપએ પોતે જ સાધન છે,ને પોતે જ સાધ્ય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો સ્વર્ગમાં અમૃત છે. સ્વર્ગનું અમૃત પીવાથી સુખ થાય છે.પણ કહે છે કે,એ અમૃત પીવા થી પુણ્યનોક્ષય થાય છે.એમાં નવાઈ નથી,કારણકે પુણ્યના સાટામાંએ અમૃત લીધેલું હોય છે પણ આ શ્રીકૃષ્ણ કથામૃત એવું છે કે,એ પીવાથી પાપનો ક્ષય થાય છે. તેથી કથામૃત સ્વર્ગના અમૃતથી શ્રેષ્ઠ છે. કથા એ અમૃત છે. નામએ અમૃત છે.કથામૃત પાપ ને બાળે છે.જીવન રક્ષે છે.જીવન સુધારે છે. મૃત્યુ સર્વનું ભક્ષણ કરે છે,પણ તે મૃત્યુનું ભક્ષણ કરનાર કાળના પણ કાળ ભગવાન છે.

કથામાં નામબ્રહ્મ છે. કીર્તનમાં નાદબ્રહ્મ છે.નામબ્રહ્મ અને નાદ બ્રહ્મ એક થાય એટલે પરબ્રહ્મ પ્રગટ થાય.નામામૃતથી કશું જ અશક્ય નથી. નામામૃતથી સર્વ કાંઈ સિદ્ધિ છે. નામામૃતથી કષ્ટ કપાય છે ને સુખ સ્થપાય છે. નામામૃતથી વિશ્વના કણકણમાં પ્રભુના દર્શન થાય છે. ભક્તોએ આ વાતની સાક્ષી પૂરી છે.મીરાંબાઈ,નરસિંહ મહેતા,તુકારામને એકનાથ આના સાક્ષી છે.નામનું અમૃત પી અમર બનેલાએ સંતો છે.

નામ સ્તવનમાં કોઈ સાધનની જરૂર નથી.નામ સ્તવન,નામજપ એ પોતે જ સાધન છે, ને પોતે જ સાધ્ય છે,કારણ કે નામ એ જ પરમાત્મા છે.પરમાત્મા પોતે પોતાના નામમાં રહ્યા છેને આપણ ને બોલાવે છે કે,હું તારા માટે આ અમૃત લાવ્યો છું.તું એ પી અને કૃતાર્થ થા,સુખી થા.પ્રભુના હાથનો આ અમૃત કટોરો આપણે સ્વીકારવાનો છે.આપણી આળસે કામ રઝળે છે.આળસ છોડોને નામામૃત મોઢે માંડો.

ફરી ફરી પ્રભુ કહે છે કે,આ બે અમૃતો એટલે મેં તમારા માટે ઉત્પન્ન કર્યાં છે ને તમને મફત આપ્યાં છે.આ બે અમૃતો એટલે શ્રીકૃષ્ણનું નામ અને કથા. સ્વર્ગના અમૃત કરતાં શ્રેષ્ઠ છે. સ્વર્ગના અમૃતનું દેવો પાન કરે છે, પરંતુ તેમને શાંતિ મળતી નથી. મળે કેવી રીતે? જેનામાં જે ગુણ નથી તે નામમાં તે ગુણ મળે કેવી રીતે?માટે નામામૃત અને કથામૃત નું પાન કરો, તે વગર પૈસે મળે છે. જ્યારે જ્યારે મનમાં પાપ આવે, આંખમાં વિકાર આવે ત્યારે ત્યારે આ બે અમૃતનું પાલન કરો.ભોગી મનુષ્ય કોઈપણ દિવસ યોગી થઈ શકે નહીં.કળિકાળમાં મનુષ્ય ભોગી છે.તે યોગી થવા જશે તો તેને સફળતા જલદી મળતી નથી તેથી તેઓને માટે નામામૃત અને કથામૃતએ જ સરળ ઉપાય છે, અનેએ મફત એટલા માટે આપ્યાં છે કે એ અમૂલ્ય છે. એની કિંમત થઈ શકે તેમ નથી.કિંમત કરવા જાઓ તો કિંમત એટલી થાય કે, મનુષ્યનું ગજું નથી.એટલે પ્રેમથી તમે પીઓ એટલી જ એનીકિંમત રાખી છે.આ બે પ્રકારના અમૃતનું પાન કરવાથી સંસાર સુખરૂપ લાગે છે.સંસાર બ્રહ્મરૂપ ભાસે છે.

પ્રહલાદ કહેછે,નાથ,તમે બેઅમૃત દીધાંએ સાચું પણ મારું કથા- કીર્તનમાં સ્થિર થતું નથી તેનું શું?

કથા અને કીર્તન બે એક છે. કીર્તન વગર કથા પરિપૂર્ણ થતી નથી, કીર્તન વગર કથા અપૂર્ણ છે અને પાપ-અભિમાનને દૂર કરવા કથામાં જવાનું છે. અભિમાનજેવો કોઈ દુશ્મન નથી.પણઅમૃત જાતે જ પીવું પડે છે.તમારા વતીબીજો તેનું પાન કરી શકતો નથી.જે પાન કરે તે પોતાના માટે જ કરે લગ્ન, મરણ કે ભોજન કોઈ કોઈની વતી થાય નહીં,તેમ ભજન પણ કોઈ કોઈની વતી કરી શકે નહીં. બદલીનો હુકમ અહીં નથીચાલતો ભજન પણ જાતેજ કરવુંજોઈએ ભજનને સત્કારવા માટે તમારા હૃદયને ગોકુલ બનાવો તેમાં પ્રભુ બિરાજશે એકલું જાણેલું કામ આવશે નહીં જેટલું જીવનમાં ઊતારશો તેટલું કામ આવશે. ભાગવત માનવને મર્યા પછી મુક્તિ આપતું નથી.તે તેના મરતાં પહેલા માનવને મુક્તિ આપે છે.

પ્રહલાદજી કહે છેકે,નાથ,હુંજાણું છું કે,નામામૃત અને કથામૃતનું પાન કરે તેનું મન શુદ્ધ થાય છે, અને જેનું મન શુદ્ધ થાય તેને જગત બ્રહ્મરૂપ દેખાય છે.પણ મારું મન એવું છે કે,તે જલદી નામામૃત અને કથામૃતનો આશ્રય લેતું નથી. પ્રહલાદજી જેવા જેના માટે પ્રભુ પોતે પ્રગટ થયા છે તે આવું કહે. પ્રહલાદજીનું મનખરાબ નથી.તે તો આપણા મનની વાત કરે છે.સંતપુરુષો દુનિયાનો દોષ પોતાનો દોષ હોય તેમ વાત કરતા હોય છે.તેનો હેતુ દુનિયાને આશ્વાસન આપી સીધે રસ્તે વાળવાનો હોય છે.સંસારના વિષયોનું ચિંતન કરવાથી આપણું તો મન બગડ્યું છે.આપણે ઈશ્વર થી વિમુખ છીએ તેથી આપણને જગત બગડેલું દેખાય છે,પણ સિદ્ધ જ્ઞાનીને સંસાર બ્રહ્મરૂપ ભાસે છે.તેને જગત બગડેલું દેખાતું નથી, કારણકે તેઓ સતત પરમાત્માનાં દર્શન કરે છે. સાધકને સાધનમાં એવી તન્મયતા થાય છેકે,તેને પણ બગડેલું દેખાતું નથી.નામ અને નામનો આશ્રય કરો તો મન સુધરે. આપણા જેવા સામાન્ય મનુષ્યો માટે બીજો માર્ગ નથી. મન બગડ્યું છે સંસારનું ચિંતન કરવાથી તે મન શ્રીકૃષ્ણના સ્વરૂપ નું ચિંતન કરે,શ્રી કૃષ્ણના નામનું સ્મરણ કરે તો તે સુધરે. કથા કીર્તનમાં બેઠા હોઈએ ત્યારે ઘડિયાળ તરફ દૃષ્ટિ જાય છે,પણ ગપ્પાં મારવા બેઠા હોઈએ ત્યારે હાથ ઉપર ઘડિયાળ હોવા છતાં તે ઉપર દૃષ્ટિ જતી નથી. સમયનો આપણે નાશ કરીએ છીએ.એક શેઠ મરવા પડ્યા.ઠાકોરજીને કહે ભગવાન,બે લાખ રૂપિયા આપું. મારું આયુષ્ય બે દિવસ માટે વધારી આપો!લાખ શું કરોડ દીધેય એક પળ નહીં વધે માટે સમય સાચવો.સમયનો નાશ એ સર્વનો નાશ છે.જેનું ચિંતન કરવું જોઇએ તેનું કરવું નથી અને નહીં કરવું જોઇએ તેનું કરે છે.મન એવું ખરાબ છે કે તે કથામાં સ્થિર થતું નથી.મન હર્ષ-શોક ભયથી યુક્ત છે.થોડોક લાભ થાય હર્ષમાં ઘેલું બને છે.થોડુંક નુકસાન થાય તો તે દુઃખી થાય છે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ. પ્રહલાદજી જેવા જેના માટે પ્રભુ પોતે પ્રગટ થયા છે તે આવું કહે.પ્રહલાદજીનું મનખરાબ નથી.તે તો આપણા મનની વાત કરે છે.સંતપુરુષો દુનિયાનો દોષ પોતાનો દોષ હોય તેમ વાત કરતા હોય છે. તેનો હેતુ દુનિયાને આશ્વાસન આપી સીધે રસ્તે વાળવાનો હોય છે.સંસારના વિષયોનું ચિંતન કરવાથી આપણું તો મન બગડ્યું છે.આપણે ઈશ્વર થી વિમુખ છીએ તેથી આપણને જગત બગડેલું દેખાય છે,પણ સિદ્ધ જ્ઞાનીને સંસાર બ્રહ્મરૂપ ભાસે છે.તેને જગત બગડેલું દેખાતું નથી, કારણકે તેઓ સતત પરમાત્માનાં દર્શન કરે છે. સાધકને સાધનમાં એવી તન્મયતા થાય છેકે,તેને પણ બગડેલું દેખાતું નથી.નામ અને નામનો આશ્રય કરો તો મન સુધરે. આપણા જેવા સામાન્ય મનુષ્યો માટે બીજો માર્ગ નથી. મન બગડ્યું છે સંસારનું ચિંતન કરવાથી તે મન શ્રીકૃષ્ણના સ્વરૂપ નું ચિંતન કરે,શ્રી કૃષ્ણના નામનું સ્મરણ કરે તો તે સુધરે. કથા કીર્તનમાં બેઠા હોઈએ ત્યારે ઘડિયાળ તરફ દૃષ્ટિ જાય છે,પણ ગપ્પાં મારવા બેઠા હોઈએ ત્યારે હાથ ઉપર ઘડિયાળ હોવા છતાં તે ઉપર દૃષ્ટિ જતી નથી. સમયનો આપણે નાશ કરીએ છીએ.એક શેઠ મરવા પડ્યા.ઠાકોરજીને કહે ભગવાન,બે લાખ રૂપિયા આપું. મારું આયુષ્ય બે દિવસ માટે વધારી આપો!લાખ શું કરોડ દીધેય એક પળ નહીં વધે માટે સમય સાચવો.સમયનો નાશ એ સર્વનો નાશ છે.જેનું ચિંતન કરવું જોઇએ તેનું કરવું નથી અને નહીં કરવું જોઇએ તેનું કરે છે.મન એવું ખરાબ છે કે તે કથામાં સ્થિર થતું નથી.મન હર્ષ-શોક ભયથી યુક્ત છે.થોડોક લાભ થાય હર્ષમાં ઘેલું બને છે.થોડુંક નુકસાન થાય તો તે દુઃખી થાય છે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો શુભારંભ કરાવ્યો

## 18 નવેમ્બર સુધી દેશભરમાં યોગ અને પ્રાકૃતિક ચિકિત્સાના કાર્યક્રમો થકી કરાશે પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણી



**ગાંધીનગર, તા. 10**

ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં નેચરોપેથી - પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ 'નેચરોપથી ડે' અને 'પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વ'ના કટ આઉટનું અનાવરણ કર્યું હતું. પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વની ઉજવણી અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ ખાતે સવારે ૬૮૫ લોકોએ એકસાથે વૃક્ષાસન કરી, ચેહરા પર ફેસ મડ પેક કરીને સામૂહિક ધૂપ સ્નાન કર્યા હતા. જેને IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો. સાથે જ, ૬૮૫ લોકો દ્વારા કરાયેલા સામૂહિક વૃક્ષાસન અને ધૂપ સ્નાનને એશિયા બુક ઓફ રેકોર્ડ દ્વારા વર્લ્ડ રેકોર્ડ ઘોષિત કરવામાં આવ્યો હતો. આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આજના ભૌતિકવાદના યુગના દુષ્પરિણામો આપણે અનુભવી રહ્યા છીએ. આવા સમયે સ્વાસ્થ્ય અને પ્રકૃતિ સાથે જોડાણનું મહાઅભિયાન ચલાવવા બદલ તેમણે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલશ્રીએ પ્રકૃતિ પ્રત્યે જોડાણ અપનાવવાની જરૂરિયાત સમજાવતા જણાવ્યું હતું કે, ભારતીય ઋષિમુનિઓને પ્રકૃતિ સાથે વિશેષ જોડાણ હતું. યોગ, પ્રાણાયામ જેવી વિદ્યા ઋષિમુનિઓએ આપણને આપી છે. પ્રકૃતિનો નિયમ છે કે જે વ્યક્તિ તેની સાથે જેટલો સંબંધ સ્થાપીને ચાલે છે, તે આધ્યાત્મિક, માનસિક, શારીરિક સ્વરૂપે એટલો જ સ્વસ્થ રહે છે. આપણે જેટલા પ્રકૃતિથી દૂર જઈએ એટલા જ દુ:ખો અનુભવીએ છીએ. જલ્દીથી આપણે પ્રકૃતિ તરફ પાછા વળવાની જરૂર છે. એટલે જ, ભારતીય ઋષિમુનિઓ, ગાંધીજી તથા પદ્મશ્રી જય પ્રકાશ અગ્રવાલ જેવા લોકોએ ભારતીય જીવન અને પ્રકૃતિના સંરક્ષણ તથા માનવસેવા અને પ્રાણી સેવા માટે મહામૂલુ યોગદાન આપ્યું હતું એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યપાલશ્રીએ સૂર્યા ફાઉન્ડેશનના શ્રી જય પ્રકાશ અગ્રવાલ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા તથા પ્રાકૃતિક ચિકિત્સાના પ્રચાર પ્રસારમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રયાસોને બિરદાવ્યા હતા. દેશભક્ત ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલજીનું સ્મરણ કરતા રાજ્યપાલશ્રીએ રોજિંદા જીવનમાં વ્યાયામ, કસરત અને યોગના મહત્વને સમજાવ્યું હતું. નેચરોપથી - પ્રાકૃતિક ચિકિત્સાને લોકો જાણતા નહોતા ત્યારે પૂજ્ય બાપુએ ભારતની આ મૂળ વિદ્યાથી લોકોને અવગત કરાવ્યા હતા એમ જણાવીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, આપણા જીવનનો પરમ ઉદ્દેશ ધર્મ, અર્થ, કામ કરતા મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. જેને સ્વસ્થ શરીર દ્વારા જ પ્રાપ્ત કરી શકાય. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ આત્મા વસે છે. એટલે જ કહેવાય છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ચિકિત્સાનો મૂળ સિદ્ધાંત છે કે પ્રકૃતિની વ્યવસ્થાને અપનાવીને ચાલીએ. પ્રાણીઓ પ્રકૃતિની વ્યવસ્થા મુજબ જીવન જીવે છે. મનુષ્યએ પ્રકૃતિની વ્યવસ્થા અપનાવીને જીવન જીવતા થવું પડશે. પ્રાકૃતિક ચિકિત્સા થકી પ્રકૃતિ સાથે સંબંધ સ્થાપીને પ્રકૃતિને અપનાવવાની જરૂર છે એમ તેમણે જણાવ્યું હતું. સાથે જ, રાજ્યપાલશ્રીએ સૂર્યોદય પહેલા જાગવાની, યોગ પ્રાણાયામ, વ્યાયામને અપનાવવાની, સમય અનુસાર ભોજન લેવાની અને સૂવાની ટેવોને અપનાવવા અનુરોધ કર્યો હતો. આધુનિક સમયમાં ગંભીર બીમારીઓના વ્યાપનો ઉલ્લેખ કરતા રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, પહેલાના સમયમાં કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ, ઘૂંટણની બીમારીઓ સહિતની ગંભીર બીમારીઓ નહોતી, કારણ કે પહેલા પ્રકૃતિના સિદ્ધાંતો મુજબનું સરળ અને સ્વસ્થ જીવન લોકો જીવતા હતા. આજે ભૌતિકવાદમાં આ સુટેવો અને પ્રકૃતિ સાથેનું જોડાણ ભૂલાયું છે, જેના લીધે રોગો વધ્યા છે. આજે આપણે પ્રકૃતિને દૂષિત કરી છે. રાસાયણિક ખેતી થકી આપણે જમીનને દૂષિત કરી છે. રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવવી જરૂરી છે. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ મંત્રાલય અને રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન થકી પ્રકૃતિ સાથે જોડાણ સ્થાપવાની દિશામાં કાર્ય કરવાની શરૂઆત કરાવી છે. તેમણે વિરાસત ભી, વિકાસ ભીના મંત્ર સાથે આપણા વારસાના સંવર્ધન માટે મુહિમ શરૂ કરાવી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શિશપાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી યોગ, સ્વદેશી, વેદ, ગૌધન સહિતના વિષયોમાં સતત માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી, પ્રાકૃતિક આહાર પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે પણ તેમણે અનેકવિધ નવીન પ્રકલ્પો અને ઝુંબેશ રાજ્યમાં શરૂ કરાવી છે. યોગ અને નેચરોપથી સહિત ભારતીય ચિકિત્સા ક્ષેત્રે પણ લોકોને સહભાગી કરવા રાજ્યપાલશ્રીના માર્ગદર્શનમાં આ જ રીતે સતત પ્રત્યનશીલ રહીશું એમ તેમણે ઉમેર્યું હતું. પ્રાકૃતિક ચિકિત્સા દિવસ પર્વના પ્રારંભ પ્રસંગે શહેરના મેયર શ્રી પ્રતિભાબહેન જૈને કાર્યક્રમના આયોજકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ માટે રાજ્યપાલશ્રીનું માર્ગદર્શન રાજ્યના ખેડૂતો માટે મહામુલુ સાબિત થયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વસુધૈવ કુટુમ્બકમ' અને 'સર્વ જન હિતાય, સર્વજન સુખાય'નો મંત્ર દેશવાસીઓને આપ્યો છે. સાથે જ, મેયરશ્રીએ આત્મનિર્ભર ભારત અને સ્વદેશી મુહિમમાં પોતાનું યોગદાન આપીને વિકસિત ભારતના નિર્માણમાં સહભાગી થવા સૌને અનુરોધ કર્યો હતો. ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અનંત બિરાદરે આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આઠમાં પ્રાકૃતિક ચિકિત્સા દિવસની ઉજવણીના ભાગરૂપે સૂર્યા ફાઉન્ડેશન-INO(ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન) અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેચરોપથી (NIN), આયુષ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ૯ થી ૧૮ નવેમ્બર દરમિયાન ગુજરાત રાજ્ય અને દેશના અન્ય ભાગોમાં યોગ-પ્રાકૃતિક ચિકિત્સા પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાંઈએ સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધી



**ગાંધીનગર, તા. 10**

ગુજરાતના બે દિવસીય પ્રવાસે પધારેલા છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાંઈએ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધી હતી. છત્તીસગઢના મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમિયાન રિવરફ્રન્ટના વિકાસ કાર્યો અને તેના આકર્ષણો નિહાળ્યા હતા. મુખ્યમંત્રી શ્રી સાંઈએ સાબરમતી રિવરફ્રન્ટ અને અટલ ફૂટ ઓવરબ્રિજની સુંદરતાની પ્રશંસા કરી હતી. તેમણે અક્ષર રિવર ક્રૂઝમાં મુસાફરી કરીને અટલ બ્રિજ અને સમગ્ર રિવરફ્રન્ટનું વિહંગાવલોકન કર્યું હતું. છત્તીસગઢના મુખ્યમંત્રીશ્રીની મુલાકાત દરમિયાન, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન શ્રી આઈ.પી.ગૌતમ, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, ડેપ્યુટી કમિશનર શ્રી અમૃતેશ ઔરંગાબાદકર સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે છત્તીસગઢના મુખ્યમંત્રીશ્રીને રિવરફ્રન્ટના નિર્માણ, તેના પર ઉપલબ્ધ વિવિધ મનોરંજન અને સુખાકારીના પ્રકલ્પો, રિવરફ્રન્ટના વિસ્તૃતીકરણની યોજનાઓ તેમજ અટલ બ્રિજ સહિતના ઉપક્રમો અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. સાબરમતી રિવરફ્રન્ટ અને અટલ બ્રિજની મુલાકાત બાદ મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાંઈએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને અમદાવાદના વિકાસ પ્રકલ્પોની કામગીરીને બિરદાવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની લોકકલા અને લોકસંસ્કૃતિના પ્રહરી પદ્મશ્રી સ્વ. જોરાવરસિંહ જાદવને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા

**ગાંધીનગર, તા. 10**

ગુજરાતની ધબકતી લોકકલાઓ, લોકજીવન અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ૧૧૦થી વધુ પુસ્તકો દ્વારા આવનારી પેઢીઓ માટે અણમોલ વિરાસત બનાવનાર સુપ્રસિદ્ધ લેખક, સંશોધક અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા સ્વ. જોરાવરસિંહ જાદવની પ્રાર્થના સભા આજે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહીને સ્વર્ગસ્થ આત્માને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. સ્વ.



જોરાવરસિંહ જાદવ લેખક અને સંશોધક ઉપરાંત ગુજરાતની ધરતીને ધબકતી રાખનાર લોકકલાઓ અને લોકકલાકારોના જીવંત સંરક્ષક હતા. આકરું ગામથી શરૂ થયેલી તેમની લોકકલા સંવર્ધનની અનોખી સફર ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસનો એક આગવો અધ્યાય છે. સ્વ. જોરાવરસિંહ જાદવને વર્ષ ૨૦૧૯માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. આ ઉપરાંત, તેમણે ગુજરાતી ફોક મ્યુઝિયમ 'વિરાસત'નું સર્જન કર્યું હતું, જેનું ઉદ્ઘાટન પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં લોકકલાકારો, સાહિત્યકારો, નગરજનો અને તેમના ચાહકોએ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# 11-12 નવેમ્બરના રોજ 3 કલાક માટે રાંધેજા ખાતે આવેલ રેલવે ફાટક નં. 13 અને 15 માર્ગ અવરજવર માટે બંધ રહેશે

**રેલવે અમદાવાદ, તા. 10**

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના ગાંધીનગર હાઈવે પર રાંધેજા ખાતે આવેલ રેલવે ફાટક નં. 13 અને રેલવે ફાટક નં. 15 તારીખ 11-12 નવેમ્બર 2025 ના રોજ 3 કલાક માટે માર્ગ અવરજવર માટે બંધ રહેશે. પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના ગાંધીનગર હાઈવે પર રાંધેજા ખાતે આવેલ રેલવે ફાટક નં. 13 અને રેલવે ફાટક નં. 15 તારીખ 11-12 નવેમ્બર 2025 ના રોજ 3 કલાક માટે માર્ગ અવરજવર માટે બંધ રહેશે. આદરજ મોટી-વિજાપુર રેલવે લાઈન ગેજ રૂપાંતરણ પરિયોજના હેઠળ સૂચિત મશીન ટેમ્પીંગ કામ (MTT) માટે ગાંધીનગર હાઈવે થી રૂપાલ વચ્ચે રાંધેજા ખાતે આવેલ રેલવે ક્રોસિંગ નં. 13 તારીખ 11 નવેમ્બર 2025 ના રોજ 22.00 કલાકથી 12 નવેમ્બર 2025 ના રોજ 01.00 કલાક સુધી 3 કલાક માટે બંધ રહેશે તથા ગાંધીનગર હાઈવે થી માણસા વચ્ચે રાંધેજા ખાતે આવેલ રેલવે ક્રોસિંગ નં. 15 તારીખ 12 નવેમ્બર 2025 ની રાત્રે 01.00 કલાકથી 04.00 કલાક સુધી 3 કલાક માર્ગ અવરજવર માટે બંધ રહેશે.

# ઝાલોદ વિધાનસભામા ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મજયંતિ નિમિત્તે આવેલ જનજાતિય ગૌરવ યાત્રાનુ ભવ્યાતિભવ્ય સ્વાગત ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા કરવામાં આવ્યું

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 10**

ઝાલોદ નગરના ભીલ રાજા વસૈયા ચોક ખાતે ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મજયંતિ નિમિત્તે આવેલ જનજાતિય ગૌરવ યાત્રાનુ ભવ્યાતિભવ્ય સ્વાગત 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાના નેતૃત્વ હેઠળ ભાજપ સંકલનના તમામ હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું. આ ગૌરવ યાત્રાનું સ્વાગત વરોડ તેમજ ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં પણ ફટાકડા તેમજ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે કરાયું હતું.

ભગવાન બિરસા મુંડાની 150 જન્મજયંતિ નિમિત્તે યોજાયેલ ગૌરવ યાત્રામાં પધારેલ તમામ લોકોએ ગોવિંદ ગુરુ સમાધિ ધામ ખાતે પહોંચી ત્યાં પૂજા અર્ચન કરી ગોવિંદ ગુરુના આશીર્વાદ મેળવ્યા હતા. ગોવિંદ ગુરુ સમાધિ ધામ ખાતે જનજાતિય ગૌરવ યાત્રા નિમિત્તે ભવ્ય સભા યોજાઈ હતી. આ સભામાં ઉપસ્થિત દરેક મહેમાનોએ દિપ પ્રાગટય કરી પ્રોગ્રામ ખુલ્લો મૂક્યો હતો. આવેલ મહેમાનોનુ સ્વાગત તીર કામઠા, પાઘડી પહેરાવી, પુષ્પ આપી સ્વાગત કરાયું હતું. ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મજયંતિ નિમિત્તે ઉપસ્થિત મહાનુભાવોએ ભગવાન બિરસા મુંડાના જીવન ચરિત્ર વિશે સુંદર માહિતી આપી હતી. આદિવાસી સમાજ માંથી આવતા ભગવાન બિરસા મુંડાના બલિદાન અને રાષ્ટ્ર નિર્માણમા આદિજાતિ સમાજના યોગદાન વિશે માહિતી આપી હતી. આદિવાસી સમાજના ગૌરવની ગાથા સાથે આવેલ યાત્રા લોકમાં જાગૃતિ ફેલાવવાનુ કામ કરી રહેલ છે. ભગવાન બિરસા મુંડા આદિવાસી સમાજના ઉત્થાન માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. બિરસા મુંડા જળ, જંગલ, જમીન માટે લડતા રહ્યા અને તે સમયે નારો આપ્યો હતો કે જય જોહાર કા નારા હૈ ભારત દેશ હમારા હૈ. ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા ભાજપ સરકારના કામગીરી થી થયેલ વિકાસ અંગે ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતા. છેલ્લે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિવિધ યોજનાઓ અંતર્ગત પ્રમાણપત્ર તેમજ ચેક અર્પણ પણ લાભાર્થીઓને આપવામાં આવેલ હતા અને વૃક્ષારોપણ પણ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.

# નવા ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે

## 75 ટકા કાર્ય પૂર્ણ, મુસાફરોને મળશે આધુનિક માળખાગત અને વિશ્વ કક્ષાની સુવિધાઓ

**રેલવે અમદાવાદ, તા. 10**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ નવા ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટનો મંજૂર ખર્ચ આશરે 200 કરોડ છે, જેમાંથી આશરે 75% કાર્ય અત્યાર સુધીમાં પૂર્ણ થઈ ગયું છે. સાથે જ ભુજ સ્ટેશન યાર્ડમાં બે પીટ લાઈન પણ બનાવવામાં આવી રહી છે. નવી પીટ લાઈન બનવાથી કોચિંગ ઓપરેશનો ની ક્ષમતા અને દક્ષતામાં વધારો થશે , જેનાથી રેક જાળવણી અને વધુ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે.

ભુજ-નલિયા મીટર ગેજ સેક્શન (101.40 કિમી) ને બ્રોડગેજ લાઈનમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે, જેને 28 ઓક્ટોબર, 2024 ના રોજ માનનીય પ્રધાનમંત્રીજી એ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. સાથે જ નલિયાથી જખાઉ પોર્ટ સુધીની 28.88 કિમીની નવી બ્રોડગેજ લાઇન પર પણ કાર્ય ચાલી રહ્યું છે. આનાથી રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે કચ્છ જિલ્લાના દૂરના વિસ્તારોને સીમલેસ બ્રોડગેજ કનેક્ટિવિટી મળશે. આ રેલ લાઈન થી પોર્ટ કનેક્ટિવિટીમાં વધારો થશે અને કચ્છ જિલ્લાના પોર્ટ દ્વારા નિકાસ અને આયાતને પ્રોત્સાહન મળશે. આ ક્ષેત્રમાં સિમેન્ટ ઉદ્યોગને પણ નોંધપાત્ર ફાયદો થશે, જેનાથી મીઠું, ખનિજો અને અન્ય કાચા માલના કાર્યક્ષમ પરિવહનને સુવિધા મળશે.

ભુજ-નલિયા રેલવે લાઈનને વાયોર સુધી (26.55 કિમી) વધુ લંબાવવાનું કામ પણ પ્રગતિમાં છે. તે પૂર્ણ થયા પછી દેશની સેનાને સરહદી વિસ્તારમાં પહોંચવામાં અને માલસામાનના પરિવહનમાં સુવિધા મળશે.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે 27 ઓગસ્ટ, 2025ના રોજ દેશલપાર-હાજીપીર-લુના અને વાયોર-લખપત નવી લાઈન પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. પ્રસ્તાવિત નવી રેલ લાઈન કચ્છ ક્ષેત્રના દૂરના વિસ્તારોને કનેક્ટિવિટી પૂરી પાડશે. આ ગુજરાતના હાલના રેલવે નેટવર્કમાં 145 રૂટ કિમી ઉમેરાશે .જેનો અંદાજિત ખર્ચે 2526 કરોડ રૂપિયા છે.

ગુજરાત રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા ઉપરાંત, આ નવી રેલ લાઈન મીઠું, સિમેન્ટ, કોલસો, ક્લિંકર અને બેન્ટોનાઈટના પરિવહનને પણ મદદ કરશે . આ પ્રોજેક્ટનું વ્યૂહાત્મક મહત્વ કચ્છના રણને કનેક્ટિવિટી પુરી પાડશે. હડપ્પા સ્થળ ધોળાવીરા, કોટેશ્વર મંદિર, નારાયણ સરોવર અને લખપત કિલ્લા પણ રેલ નેટવર્ક દ્વારા આવરી લેવામાં આવશે, જેમાં 13 નવા રેલવે સ્ટેશનો જોડવામાં આવશે, જેનાથી 866 ગામડાઓ અને આશરે 16 લાખ ની વસ્તીને ફાયદો થશે. આ વિકાસાત્મક પહેલોથી આ ક્ષેત્રમાં રોજગારીની તકોમાં વધારો કરશે, જે સામાજિક અને આર્થિક પ્રગતિને વેગ આપશે.

ગુજરાતનો ગાંધીધામ વિસ્તાર પશ્ચિમ રેલવેનો સૌથી વધુ માલવાહક વિસ્તાર છે જ્યાં થી એપ્રિલ 2025 થી ઓક્ટોબર 2025 સુધીમાં ઔદ્યોગિક મીઠું 1.727 મિલિયન મેટ્રિક ટન ખાદ્ય મીઠાનું 1.119 મિલિયન મેટ્રિક ટન અને કન્ટેનર નું 10.586 મિલિયન મેટ્રિક ટન લોડ કરવામાં આવ્યું. જે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

નવા ભુજ સ્ટેશનના આ પરિવર્તનથી માત્ર રેલ મુસાફરો જ નહીં પરંતુ સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓને પણ ફાયદો થશે. ભુજ સ્ટેશનને આગામી 40 થી 50 વર્ષો સુધીની કચ્છ ક્ષેત્રની મુસાફરી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પુન:વિકાસ કરવામાં આવી રહ્યો છે.

પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ અને લાભો:

મુખ્ય સ્ટેશન ભવન: આશરે 1.37 લાખ ચો.ફુટ વિસ્તારમાં તથા દ્વિતીય પ્રવેશ ભવન 11,600 ચો.ફુટ વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યું છે, જેથી મુસાફરોની અવરજવર અને સુગમતા વધશે.

આધુનિક વેઈટિંગ એરિયા (કાંકર્સ): 8,000 ચો.ફુટ વિસ્તારમાં 450 થી વધુ મુસાફરો માટે બેઠક વ્યવસ્થા રહેશે, જેથી રાહ જોતી વખતે આરામદાયક રહેશે.

વિશાળ કાંકર્સ (35,000 ચો.ફુટ): મુસાફરોની અવરજવર સુવિધાજનક બનાવશે અને ભીડ સંચાલનમાં સહાયરૂપ બનશે.

સુગમ કનેક્ટિવિટી વ્યવસ્થા: સ્ટેશન પર કુલ 3 ફૂટ ઓવરબ્રિજ (FOB) બનાવવામાં આવી રહ્યા છે, જેમાંથી બે 6 મીટર પહોળા અને એક 8 મીટર પહોળો છે. આથી પ્લેટફોર્મ વચ્ચે મુસાફરોની અવરજવર વધુ સુરક્ષિત અને સરળ બનશે.

પ્લેટફોર્મ ઉન્નતિ: આશરે 1.32 લાખ ચો.ફુટ વિસ્તાર સાથે 1.20 લાખ ચો.ફુટની છતવાળી માળખાકીય સુવિધા દરેક ઋતુમાં મુસાફરોને આરામ આપશે.

હરિત અને સ્માર્ટ અવસંરચના: 500 KWP સૌર ઊર્જા પ્લાન્ટ, વરસાદી પાણી સંચય સિસ્ટમ, 560 KLD ગંદા પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ અને 32,000 ચો. ફુટથી વધુ હરિત વિસ્તારનો વિકાસ પર્યાવરણ સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ઉન્નત મુસાફર સુવિધાઓ: 13 લિફ્ટ, 10 એસ્કેલેટર, આધુનિક ફાયર ડિટેકશન સિસ્ટમ, 250 ટન ક્ષમતા ધરાવતી HVAC સિસ્ટમ (Heating, Ventilation and Air Conditioning), CCTV નિગરાની, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, એક્સેસ કન્ટ્રોલ, SCADA (Automatic Chemical Agent Detection and Alarm) અને Wi-Fi સુવિધાથી મુસાફરોને સુરક્ષા, આરામ અને કનેક્ટિવિટીનો સમન્વય મળશે.

પાર્કિંગ સુવિધા: સ્ટેશનના બન્ને બાજુઓ પર 50 થી વધુ કાર, 400 થી વધુ દ્વિચક્રી વાહનો, 30 ઓટો રિક્ષા તથા 4 ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનની સુવિધા કરવામાં આવી રહી છે, જેથી મુસાફરો અને સ્થાનિક નાગરિકોને ઉત્તમ પાર્કિંગ અનુભવ મળશે.

# IPLનું મિની ઓક્શન 15 ડિસેમ્બરે યોજાઈ શકે: ખેલાડીને રિટેન કરવાની છેલ્લી તારીખ 15 નવેમ્બર છે; CSK સેમ કરનને રિલીઝ કરી શકે

## 2025ના IPL પહેલા એક મેગા ઓક્શન યોજાયું હતું. આ વખતે, એક મિની ઓક્શન યોજાશે



**મુંબઈ તા. 10**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 માટે મિની ઓક્શન ડિસેમ્બરના બીજા કે ત્રીજા અઠવાડિયામાં થવાની ધારણા છે. ક્રિકબઝના એક અહેવાલ મુજબ, ઓક્શન 13 થી 15 ડિસેમ્બર દરમિયાન યોજાવાની શક્યતા છે. ટુર્નામેન્ટની 10 ટીમને રિટેન કરવા માટે 15 નવેમ્બરની અંતિમ તારીખ આપવામાં આવી છે. ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર સેમ કરન સહિત કેટલાક મુખ્ય ખેલાડીઓને રિલીઝ કરી શકે છે. ટીમના CEO કાસી વિશ્વનાથને પુષ્ટિ આપી છે કે એમએસ ધોની આગામી સીઝનમાં પણ રમશે. ઓક્શન ફક્ત ભારતમાં જ થઈ શકે છે આ વર્ષે ઓક્શન ભારતમાં યોજાઈ શકે છે. જોકે, BCCI તરફથી હજુ સુધી કોઈ પુષ્ટિ મળી નથી. 2023નું ઓક્શન દુબઈમાં અને 2024નું ઓક્શન સાઉદી અરેબિયામાં યોજાઈ હતી. ફ્રેન્ચાઈઝી ટીમ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે જો આ વર્ષની ઓક્શન ભારતમાં યોજાઈ તો આશ્ચર્ય નહીં થાય. મિની ઓક્શન શું છે? મિની ઓક્શનમાં, ટીમ ઈચ્છે તેટલા ખેલાડીઓ જાળવી શકે છે. આ ઓક્શન સામાન્ય રીતે એક જ દિવસમાં સમાપ્ત થાય છે, કારણ કે ઘણા ખેલાડીઓ ખરીદવા માટે ઉપલબ્ધ નથી. બીજી બાજુ, મેગા ઓક્શન દર ત્રણ વર્ષે એક વાર થાય છે. ટીમ વધુમાં વધુ 6 ખેલાડીઓ જાળવી શકે છે.

2025ના IPL પહેલા એક મેગા ઓક્શન યોજાયું હતું. આ વખતે, એક મિની ઓક્શન યોજાશે. આવતા વર્ષે, એક મિની ઓક્શન યોજાશે, ત્યારબાદ 2028માં મેગા ઓક્શન યોજાશે. મેગા ઓક્શન વચ્ચે બે મિની ઓક્શન યોજાઈ છે. ખેલાડીઓની યાદી 15 નવેમ્બરે સબમિટ કરાશે મિની ઓક્શન માટે ખેલાડીઓને જાળવી રાખવાની અંતિમ તારીખ 15 નવેમ્બર છે. આ તારીખ સુધીમાં, ટીમે IPL સમિતિને તેમની ટીમમાંથી કયા ખેલાડીઓને રિલીઝ કરી રહ્યા છે અને કયા ખેલાડીઓને જાળવી રહ્યા છે તેની જાણ કરવી પડશે. ચેન્નઈ સુપર કિંગ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ, જેઓ ગયા સીઝનમાં નીચેના ત્રણ સ્થાન પર રહ્યા હતા, તેઓ મજબૂત ટીમ બનાવવા માટે મોટી સંખ્યામાં ખેલાડીઓને રિલીઝ કરી શકે છે. CSK સંજુ સેમસનને સામેલ કરવા માગે છે મીડિયા રિપોર્ટ્સ અનુસાર, CSK ઓક્શન પહેલા ટ્રેડ ડીલ દ્વારા રાજસ્થાનના સંજુ સેમસનને પોતાની ટીમમાં ઉમેરવા માગે છે. આ હાંસલ કરવા માટે, ટીમ દીપક હુડા, વિજય શંકર, રાહુલ ત્રિપાઠી, સેમ કરન અને ન્યૂઝીલેન્ડના ડેવોન કોનવે જેવા ખેલાડીઓને રિલીઝ કરવા માટે તૈયાર છે. ઓફ-સ્પિનર રવિચંદ્રન અશ્વિનની નિવૃત્તિ બાદ, ચેન્નઈના પર્સમાં 9.75 કરોડનો વધારો થયો છે. રાજસ્થાને બે મહિના પહેલા જાહેરાત કરી હતી કે તેઓ સેમસનના બદલામાં ચેન્નઈથી શિવમ દુબે અને રવીન્દ્ર જાડેજાને ખરીદવા માગે છે. સેમસન ઉપરાંત, ટીમ શ્રીલંકાના સ્પિન જોડી વાનિન્દુ હસરંગા અને મહિશ થિકશાનાને પણ રિલીઝ કરી શકે છે. KKR વેંકટેશને રિલીઝ કરી શકે છે થંગારાસુ નટરાજન, મિચેલ સ્ટાર્ક, આકાશદીપ, મયંક યાદવ અને ડેવિડ મિલર જેવા ખેલાડીઓનો પણ ઓક્શનમાં સમાવેશ થઈ શકે છે. દરમિયાન, KKR મેગા ઓક્શનમાં ત્રીજા સૌથી મોંઘા ખેલાડી, ઓલરાઉન્ડર વેંકટેશ અય્યરને રિલીઝ કરી શકે છે. તેમને કોલકાતાએ 23.75 કરોડ (23.75 કરોડ)માં ખરીદ્યો હતો, પરંતુ તે 11 મેચમાં 20.28 ની સરેરાશથી ફક્ત 142 રન જ બનાવી શક્યો હતો. RCB ડિફેન્ડિંગ ચેમ્પિયન, જ્યારે MI અને CSKએ 5-5 ટાઈટલ જીત્યા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ IPLની ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમ છે, જેણે ફાઈનલમાં પંજાબ કિંગ્સને હરાવીને પોતાનું પહેલું ટાઈટલ જીત્યું છે. મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) એ સૌથી વધુ ટાઈટલ જીત્યા છે, જેમાં દરેકે પાંચ-પાંચ ટાઈટલ જીત્યા છે. કોલકાતા નાઈટ રાઈડર્સ ત્રીજી સૌથી સફળ ટીમ છે, જેણે ત્રણ ટાઈટલ જીત્યા છે.

## ભારતના વિદિત ગુજરાતી ચેસ વર્લ્ડ કપમાંથી બહાર : ત્રીજા રાઉન્ડમાં અમેરિકન ખેલાડી સામે હાર

**મુંબઈ, તા. 10**



રવિવારે ટાઈ-બ્રેક ગેમના બીજા સેટમાં યુનાઈટેડ સ્ટેટ્સના સેમ શેન્કલેન્ડ સામે 2.5-3.5થી હારી જતાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી ચેસ વર્લ્ડ કપના ત્રીજા રાઉન્ડમાંથી બહાર થઈ ગયા. અન્ય એક ભારતીય ખેલાડી એસએલ નારાયણન પણ ટાઈ-બ્રેક રમતના પહેલા સેટમાં ચીનના યાંગી યુ સામે હારી ગયા. વી. કાર્તિકે રોમાનિયાના ડીક બોગદાન-ડેનિયલને 1.5-0.5થી હરાવીને પોતાની સફર ચાલુ રાખી. તે ચોથા રાઉન્ડમાં આગળ વધ્યો. કાર્તિક હવે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાથી માત્ર એક જીત દૂર છે.

## સૂર્યાનો આ રેકોર્ડ તો કદાચ તૂટશે જ નહીં! : હજુ સુધી કેપ્ટનશીપમાં ભારત સિરીઝ હાર્યું નથી



**મુંબઈ, તા. 10**

ભારતે T20I સિરીઝમાં ઓસ્ટ્રેલિયાને 2-1થી હરાવ્યું. બ્રિસ્બેનમાં પાંચ મેચની સિરીઝની છેલ્લી મેચ રદ થઈ. ઓપનર અભિષેક શર્મા T20Iમાં સૌથી ઝડપી 1,000 રન બનાવનાર બેટર બન્યો. શનિવારે, સૂર્યકુમાર યાદવે તેની કેપ્ટનશીપ હેઠળ ભારતને છઠ્ઠી સિરીઝ જીત અપાવી. તે પહેલા, ભારતે હોબાર્ટ સ્ટેડિયમ ખાતે ત્રીજી T20Iમાં મેદાન પર અત્યાર સુધીનો સૌથી મોટો રન ચેઝ કર્યો હતો.

1. સૂર્યાની કેપ્ટનશીપમાં ભારતે T20 સિરીઝ હાર્યા નથી સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારત ક્યારેય T20 સિરીઝ હાર્યું નથી. ટીમે 2023 થી તેની કેપ્ટનશીપ હેઠળ સાત સિરીઝ રમી છે. એક ડ્રો રહી હતી, અને બાકીની 6 સિરીઝ ભારતે જીતી હતી. સૂર્યાએ સપ્ટેમ્બરમાં ભારતને એશિયા કપ ટાઈટલ પણ અપાવ્યું હતું. એકંદરે, સૂર્યાનો કેપ્ટન તરીકે રેકોર્ડ ઉત્તમ રહ્યો છે. ભારતે તેની કેપ્ટનશીપ હેઠળ 27 મેચ જીતી છે.

2. અભિષેકે સૂર્યાનો રેકોર્ડ તોડ્યો ભારતીય ઓપનર અભિષેક શર્મા T20Iમાં બોલ રમવાની દ્રષ્ટિએ સૌથી ઝડપી 1,000 રન બનાવનાર બેટર બન્યો. તેણે 528 બોલ અને 28 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી. અગાઉ, આ રેકોર્ડ સૂર્યકુમાર યાદવના નામે હતો. સૂર્યાએ 573 બોલ અને 31 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. અભિષેક T20 ઈનિંગ્સમાં 1000 રન પૂરા કરનાર બીજો સૌથી ઝડપી ભારતીય છે. આ બાબતે વિરાટ કોહલી પહેલા નંબરે છે. તેણે માત્ર 27 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી.

3. ભારત ઓસ્ટ્રેલિયામાં ક્યારેય T20 સિરીઝ હાર્યું નથી સિરીઝ જીત સાથે, ભારતે ઓસ્ટ્રેલિયન પીચ પર અજેય T20 સિરીઝનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. ટીમે 2008 થી ઓસ્ટ્રેલિયામાં પાંચ સિરીઝ રમી છે. જેમાંથી તેણે ત્રણ જીતી છે અને બે ડ્રો કરી છે.

## શ્રદ્ધા કપૂર બની ડિઝનીની 'જુડી હોપ્સ'!

- એનિમેટેડ ફિલ્મ 'ઝૂટોપિયા 2'માં લીડ કેરેક્ટરને પોતાનો અવાજ આપશે, એક્ટ્રેસે ડબિંગનો રસપ્રદ અનુભવ શેર કર્યો



**મુંબઈ તા. 10**

ડિઝનીની એનિમેટેડ ફિલ્મ 'ઝૂટોપિયા 2' હિન્દીમાં પણ રિલીઝ થશે. આ હોલિવૂડ ફિલ્મના હિન્દી વર્ઝનમાં એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર ફિલ્મના પાત્ર 'જુડી હોપ્સ' ને પોતાનો અવાજ આપશે. આ ફિલ્મ ભારતમાં 28 નવેમ્બરે હિન્દી, તમિલ, તેલુગુ અને અંગ્રેજીમાં રિલીઝ થશે. આ ફિલ્મ બે દિવસ પહેલા 26 નવેમ્બરે યુનાઈટેડ સ્ટેટ્સમાં રિલીઝ થશે. ફિલ્મના હિન્દી વર્ઝનની જાહેરાત દરમિયાન કાર્યક્રમમાં શ્રદ્ધાએ કહ્યું હતું કે, તેને 'જુડી હોપ્સ' નું પાત્ર તેના વ્યક્તિત્વની ખૂબ નજીક લાગ્યું. 'જુડી હોપ્સ બિલકુલ મારા જેવી જ છે' શ્રદ્ધાએ કહ્યું, 'જુડી હોપ્સની ભૂમિકા મારા જેવી જ છે. તે બુદ્ધિશાળી છે, હંમેશા સકારાત્મક છે અને તેનો સ્વભાવ ખુશખુશાલ છે, જેની સાથે હું સંપૂર્ણપણે જોડાઈ શકું છું. જરૂર પડે ત્યારે તે કઠોર અને સમય આવે ત્યારે નરમ બની શકે છે. જુડીની ભૂમિકા ભજવવાની મને ખૂબ મજા આવી.' શ્રદ્ધાએ વધુમાં કહ્યું કે, એનિમેટેડ પાત્રને અવાજ આપવો એ એક અલગ અનુભવ હતો. તેણે કહ્યું, 'એનિમેટેડ પાત્રને અવાજ આપવો એ એક સંપૂર્ણપણે અલગ અને મનોરંજક અનુભવ છે. આપણે બધાં બાળપણમાં ઘણા લોકોની નકલ કરતા હતા અને હવે એક રમુજી અને કૂલ 'બની' (સસલું)ને અવાજ આપવામાં ખૂબ મજા આવતી હતી. મારે જુડીના મૂડ અનુસાર મારો અવાજ બદલવો પડતો હતો, પછી ભલે તે ગુસ્સે હોય કે મસ્તી કરતી હોય. આ બધું એક્સપ્લોર કરવું ખૂબ જ સરસ હતું. તમારે ખરેખર તે પાત્રનો અવાજ બનવું પડે છે.' આ કાર્યક્રમ દરમિયાન, મીડિયાને ફિલ્મની એક ઝલક પણ બતાવવામાં આવી હતી, જેમાં શ્રદ્ધાના અવાજમાં જુડી હોપ્સના હાવભાવ અને ઊર્જા દર્શાવવામાં આવી હતી. 'ઝૂટોપિયા 2' એ વોલ્ટ ડિઝની એનિમેશન સ્ટુડિયોની 2016ની હિટ એનિમેટેડ ફિલ્મ ' ઝૂટોપિયા' ની સિક્વલ છે. બીજા પાર્ટને જેરેડ બુશ અને બાયરન હોવર્ડે ડિરેક્ટ કર્યો છે.

## રશ્મિકા પોતાના જીવનસાથી માટે ગોળી ખાવા પણ તૈયાર



**મુંબઈ, તા. 10**

નેશનલ ક્રશ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાની નવી ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ. આ દરમિયાન, એક્ટ્રેસે તેના લગ્ન વિશે એક હૃદયસ્પર્શી નિવેદન આપ્યું છે. તાજેતરના એક કાર્યક્રમમાં, રશ્મિકાએ કહ્યું કે- તે વિજય દેવેરાકોંડા સાથે લગ્ન કરવા માગે છે અને તેના જીવનસાથી માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે, ગોળી પણ ખાઈ શકે છે. રશ્મિકાએ કહ્યું, મને એવી વ્યક્તિ જોઈએ છે જે સમજવા તૈયાર હોય. એવી વ્યક્તિ જે ખરેખર સારી હોય અને મારી સાથે અથવા મારા માટે લડે. જો કાલે મારી સામે મુશ્કેલી આવે છે, તો હું જાણું છું કે તે વ્યક્તિ મારા માટે લડશે. હું પણ એવું જ કરીશ. હું તેના માટે ગમે તે દિવસે મરવા પણ તૈયાર થઈ જઈશ.' તેણે એ પણ જાહેર કર્યું કે તેનો આદર્શ જીવનસાથી એવી વ્યક્તિ હશે જે જીવનને ઊંડાણપૂર્વક સમજે અને દરેક પરિસ્થિતિને પોતાના દ્રષ્ટિકોણથી જુએ. આ જ કાર્યક્રમમાં, રશ્મિકાએ મજાકમાં કહ્યું કે જો તેને પૂછવામાં આવે કે તે કયા કલાકારોને ડેટ કરશે, લગ્ન કરશે કે જીવનના અંત સુધી સાથે રહેશે, તો તે માટે વિજય દેવરકોંડાનું નામ લઈશ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રશ્મિકા અને વિજયની તાજેતરમાં સગાઈ થઈ હતી અને તે 26 ફેબ્રુઆરી, 2026 ના રોજ ઉદયપુરમાં લગ્ન કરશે. આ જોડી બોલિવૂડ અને સાઉથ ભારતીય બંને દર્શકોમાં ખૂબ જ લોકપ્રિય છે. રશ્મિકાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ' ના પ્રમોશન દરમિયાનના શબ્દો હેડલાઈન્સમાં છે.



## સાઉથ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરનનું સાયબર બુલિંગ! : ફેક પ્રોફાઇલ દ્વારા પરિવારને નિશાન બનાવ્યો

### સાઉથની ફેમસ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન લાંબા સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ વિશે વિગતવાર માહિતી આપી છે. જોકે, જ્યારે તેને સાયબર બુલિંગ કરનાર વ્યક્તિ વિશે જાણ થઈ, ત્યારે તે ચોંકી ગઈ હતી

**મુંબઈ તા. 10**

સાઉથની ફેમસ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન લાંબા સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ વિશે વિગતવાર માહિતી આપી છે. જોકે, જ્યારે તેને સાયબર બુલિંગ કરનાર વ્યક્તિ વિશે જાણ થઈ, ત્યારે તે ચોંકી ગઈ હતી. 'મારા વિશે ખોટી-ખોટી વાતો ફેલાવી' અનુપમાએ આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે જણાવ્યું કે- 'થોડા દિવસો પહેલાં મને ખબર પડી કે એક ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ મારા અને મારા પરિવાર વિશે અત્યંત ખોટી વાતો ફેલાવી રહી છે. આટલું જ નહીં, તે મારા મિત્રો અને કો-એક્ટર્સને પણ પોસ્ટમાં ટેગ કરી રહી છે. આ તમામ પોસ્ટમાં મારા પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ રીતે ઓનલાઈન કોઈને પણ પરેશાન કરવું, ખૂબ જ ખોટું અને દુ:ખ આપનારું કૃત્ય છે.' 20 વર્ષની યુવતીએ આવું કૃત્ય કર્યું અનુપમા પરમેશ્વરને આગળ પોસ્ટમાં લખ્યું છે કે, 'મને ત્યારે આશ્ચર્ય થયું, જ્યારે જાણ થઈ કે સાયબર બુલિંગ કરનાર તમિલનાડુની એક 20 વર્ષની યુવતી છે. યુવતીની નાની ઉંમરને ધ્યાનમાં રાખીને, મેં તેની ઓળખ જાહેર ન કરવાનો નિર્ણય લીધો છે. હું તેના ભવિષ્ય કે માનસિક સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન કરવા માંગતી નથી.' અનુપમા પરમેશ્વરનનો લોકોને જરૂરી મેસેજ અંતમાં, અનુપમા પરમેશ્વરને તેના ફેન્સ અને સામાન્ય લોકોને એક મહત્ત્વપૂર્ણ મેસેજ આપ્યો છે. તેમનું કહેવું છે કે લોકો પાસે સ્માર્ટફોન છે તો તેનો ઉપયોગ સમજદારી અને જવાબદારીથી કરવો જોઈએ. તે સૌને જણાવે છે કે સાયબર બુલિંગ ખોટું છે, સાથે જ તે દંડનીય અપરાધ પણ છે. અનુપમાનું વર્ક ફ્રન્ટ અનુપમા પરમેશ્વરનના કરિયરની વાત કરીએ તો, આ વર્ષે તે 'જાનકી વર્સિસ સ્ટેટ ઓફ કેરળ'માં જોવા મળી હતી. હાલમાં તે બીજી ફિલ્મ 'લોકડાઉન'નું શૂટિંગ કરી રહી છે. સાથે જ તે દંડનીય અપરાધ પણ છે. અનુપમાનું વર્ક ફ્રન્ટ અનુપમા પરમેશ્વરનના કરિયરની વાત કરીએ તો, આ વર્ષે તે 'જાનકી વર્સિસ સ્ટેટ ઓફ કેરળ'માં જોવા મળી હતી. હાલમાં તે બીજી ફિલ્મ 'લોકડાઉન'નું શૂટિંગ કરી રહી છે.

# BSE-NSE પર લેન્સકાર્ટના શેર 3% ઘટ્યા : ₹390 પર ટ્રેડિંગ, IPO કિંમત ₹402 હતી; ઈશ્યૂ 28.27 વખત સબસ્ક્રાઈબ થયો હતો

**મુંબઈ, તા.10**

સ્ટોક એક્સચેન્જ (BSE-NSE) પર ચશ્મા બનાવતી કંપની લેન્સકાર્ટના શેર લિસ્ટ થયા, જે તેમના ઈશ્યૂ ભાવથી 3% નીચે છે. કંપનીનો શેર BSE પર 2.99% ઘટીને 390 પર ટ્રેડ થયો. NSE પર, તે 1.74% ઘટીને 395 પર ટ્રેડ થયો.

આ ઈશ્યૂને ત્રણ દિવસમાં કુલ 28.27 વખત સબ્સ્ક્રિપ્શન મળ્યું. રિટેલ કેટેગરીમાં 7.56 વખત સબ્સ્ક્રાઈબ થયું, જ્યારે QIB કેટેગરીમાં 40.36 વખત સબ્સ્ક્રિપ્શન અને NII કેટેગરીમાં 18.23 વખત સબ્સ્ક્રિપ્શન જોવા મળ્યું.

મનીકંટ્રોલના જણાવ્યા અનુસાર આટલી ઊંચી સબસ્ક્રિપ્શન હોવા છતાં, લિસ્ટિંગ પહેલાં ગ્રે માર્કેટમાં કંપનીના શેર લગભગ 2.5% અથવા લગભગ 10 ઘટ્યા હતા. લેન્સકાર્ટનો IPO 31 ઓક્ટોબરે ખુલ્યો અને 4 નવેમ્બરે બંધ થયો. ઈશ્યૂનો પ્રાઈસ બેન્ડ 382 થી 402 પ્રતિ શેર હતો. રોકાણકારો એક લોટ અથવા 37 શેર માટે ઓછામાં ઓછા 14,874 ની બોલી લગાવી શકતા હતા.



લેન્સકાર્ટે તેના IPO દ્વારા 70,000 કરોડના મૂલ્યાંકન પર 7,278 કરોડ એકત્ર કર્યા. કંપનીએ 2,150 કરોડના મૂલ્યના 53.5 મિલિયન નવા શેર જારી કર્યા. હાલના રોકાણકારોએ ઈશ્યૂમાં 5,128 કરોડના મૂલ્યના 127.6 મિલિયન શેર વેચ્યા.

નાણાકીય વર્ષ 25 માં 297 કરોડનો નફો મેળવ્યો લેન્સકાર્ટે નાણાકીય વર્ષ 25 માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. કંપનીએ 297 કરોડ (આશરે $2.97 બિલિયન)નો નફો નોંધાવ્યો, જે પાછલા નાણાકીય વર્ષ (FY24)માં 10 કરોડ (આશરે $1.00 બિલિયન)ના નુકસાનની સરખામણીમાં હતો. આવક પણ 5,428 કરોડ (આશરે $5.428 બિલિયન) થી 22% વધીને 6,625 કરોડ (આશરે $6.625 બિલિયન) થઈ. લેન્સકાર્ટે નાણાકીય વર્ષ 25માં 105 નવા કલેક્શન લોન્ચ કર્યા નાણાકીય વર્ષ 2025માં, લેન્સકાર્ટે વિશ્વભરમાં 105 નવા કલેક્શન લોન્ચ કર્યા અને 1.241 કરોડ ગ્રાહકોને 2.72 કરોડ ચશ્માના યુનિટ વેચ્યા. નાણાકીય વર્ષ 2025માં કંપનીએ 10 કરોડથી વધુ એપ ડાઉનલોડ્સ અને 104.97 મિલિયન વાર્ષિક વેબસાઈટ મુલાકાતીઓ નોંધાવ્યા અને વિશ્વભરમાં 2,723 સ્ટોર્સ ચલાવે છે. 2024માં કંપનીની વેલ્યૂએશન $5 બિલિયન હતી, ગયા વર્ષે જૂનમાં, લેન્સકાર્ટે $5 બિલિયનના વેલ્યૂએશન સાથે $200 મિલિયન (આશરે 1,775 કરોડ) એકત્ર કર્યા હતા. લેન્સકાર્ટ ચશ્માના ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવે છે. કંપનીનો વ્યવસાય નફાકારક છે અને થાઈલેન્ડમાં તેનો વ્યવસાય ઝડપથી વિસ્તરી રહ્યો છે.

લેન્સકાર્ટની શરૂઆત 2010માં થઈ હતી, 2008માં સ્થપાયેલ, લેન્સકાર્ટે 2010માં ઓનલાઈન વ્યવસાય તરીકે શરૂઆત કરી અને 2013માં તેનું પહેલું રિટેલ આઉટલેટ ખોલ્યું. કંપની ભારતમાં સૌથી મોટા ચશ્માના રિટેલ નેટવર્કમાંથી એકનું સંચાલન કરે છે. પિયુષ બંસલ અને કોલકાતાના એક મિત્રએ એક એવી કંપની બનાવવાનું નક્કી કર્યું જે ચશ્મા ન પહેરવાની ભારતીયોની આદતને બદલી નાખશે.

તેમને LinkedIn પર બીજા સહ-સ્થાપક, સુમિત કપાહી મળ્યા. કપાહીએ થોડા મહિના પહેલા જ એક ચશ્મા બનાવતી કંપનીમાંથી નોકરી છોડી દીધી હતી. સાથે મળીને, તેમણે 2010માં વેલ્યુ ટેક્નોલોજીની સ્થાપના કરી, જેમાં વિવિધ ઈ-કોમર્સ વેબસાઈટ્સનો સમાવેશ થતો હતો: લેન્સકાર્ટ, જ્વેલકાર્ટ, બેગકાર્ટ અને વોચકાર્ટ. પાછળથી, ચશ્માના બજારમાં સંભાવના જોઈને, ત્રણેયે ફક્ત લેન્સકાર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું.

IPO શું છે?, જ્યારે કોઈ કંપની પહેલી વાર જાહેર જનતાને તેના શેર જારી કરે છે, ત્યારે તેને ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (IPO) કહેવામાં આવે છે. કંપનીઓને તેમના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે ફંડની જરૂર હોય છે. બજારમાંથી ઉધાર લેવાને બદલે, તેઓ જાહેર જનતાને કેટલાક શેર વેચીને અથવા નવા શેર જારી કરીને ફંડ એકત્ર કરે છે. આ જ કારણ છે કે કંપનીઓ IPO લોન્ચ કરે છે.

# સેન્સેક્સ 400 પોઈન્ટ વધીને 83,650ના સ્તરે ટ્રેડિંગ: નિફ્ટી પણ 120 પોઈન્ટ વધ્યો, જેમાં ઈન્ફોસિસના શેરમાં સૌથી વધુ 2.5%નો વધારો થયો

**મુંબઈ, તા.10**

10 નવેમ્બર, અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે શેરબજારમાં તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 400 પોઈન્ટ વધીને 83,650 પર ટ્રેડ થઈ રહ્યો છે. નિફ્ટી પણ 120 પોઈન્ટ વધીને 25,600 પર ટ્રેડ થઈ રહ્યો છે. સેન્સેક્સના 30 શેરોમાંથી 21 શેરો વધી રહ્યા છે, જ્યારે 9 શેરો ઘટી રહ્યા છે. ઈન્ફોસિસ સૌથી વધુ 2.5% વધ્યો છે. HCL અને TCS પણ લગભગ 2% વધ્યા છે. પરિણામે, NSE ના IT સેક્ટરમાં પણ લગભગ 2% વધારો થયો છે. મેટલ અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં પણ લગભગ 1% વધારો થયો છે.

વૈશ્વિક બજારોમાં ઘટાડો, એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ઈન્ડેક્સ 0.98% વધીને 50,766.89 અને કોરિયાનો કોસ્પી 2.89% વધીને 4,067.88 પર બંધ રહ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.58% વધીને 26,394.29 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.037% ઘટીને 3,996.07 પર બંધ રહ્યો. 7 નવેમ્બરના રોજ યુએસ ડાઉ જોન્સ



ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.16% વધીને 46,987.10 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.21% વધ્યો, જ્યારે S&P 500 0.13% ઘટ્યો.

7 નવેમ્બરના રોજ FII એ 5,147.92 કરોડના શેર ખરીદ્યા, 7 નવેમ્બરના રોજ, FII એ 5,147.92 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા અને DII એ 6,135.12 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ઓક્ટોબર મહિનામાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ 14,610 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. સપ્ટેમ્બરમાં વિદેશી રોકાણકારોએ 35,301.36 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ જ સમયગાળા દરમિયાન 65,343.59 કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી. શુક્રવારે સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ થયો હતો, શુક્રવાર, 7 નવેમ્બર, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ થયો. નિફ્ટી પણ 17 પોઈન્ટ ઘટીને 25,492 પર બંધ થયો.

# સોનાનો ભાવ ₹1,987 વધીને ₹1.22 લાખ પ્રતિ 10 ગ્રામ થયો

## આ વર્ષે ₹45,925નો વધારો થયો, ચાંદી 2,700 રૂપિયા વધીને ₹1.51 લાખ પ્રતિ કિલોએ પહોંચી

**નવી દિલ્હી**

10 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, પ્રતિ 10 ગ્રામ સોનાનો ભાવ 1,987 વધીને 1,22,087 થયો છે. અગાઉ, ભાવ 1,20,100 પ્રતિ 10 ગ્રામ હતો.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 2,700 વધીને 1,50,975 પ્રતિ કિલોગ્રામ થયો. અગાઉ, તેનો ભાવ 1,48,275 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું હતું, અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી હતી.



IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,925નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો.

# નવી આધાર એપ લોન્ચ, QRથી ડિટેલ્સ શેર કરી શકશો : હવે ફિઝિકલ કાર્ડની જરૂર નથી, ફોનમાં 5 ફેમિલી મેમ્બરનાં આધાર કાર્ડ રાખી શકશો

**નવી દિલ્હી**

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા, એટલે કે UIDAIએ આધાર કાર્ડને ડિજિટલ રીતે મેનેજ કરવા માટે નવી મોબાઈલ એપ લોન્ચ કરી છે.

આ એપના માધ્યમથી હવે તમે તમારું આધાર હંમેશાં ફોનમાં સાથે રાખી શકશો. જૂની mAadhaar એપથી અલગ, તેણે વેરિફિકેશનને UPI પેમેન્ટ જેટલું સરળ બનાવી દીધું છે. એના માધ્યમથી એક જ ફોનમાં તમે 5 આધાર પ્રોફાઈલ સ્ટોર કરી શકો છો. આ એપ એન્ડ્રોઈડ અને iOS યુઝર્સ માટે ઉપલબ્ધ છે.

આધારની નવી એપનાં મુખ્ય ફીચર્સ

ફોનમાં આધાર કાર્ડ સાથે રાખો: ઈ-આધાર હંમેશાં તમારી સાથે રહેશે, કાગળની નકલની જરૂર રહેશે નહીં.

ફેસ સ્કેનથી શેરિંગ: કોઈની સાથે ID શેર કરવા માટે તમારે ફક્ત ફેસ સ્કેન કરવાની જરૂર છે, જે પિન-OPT જેટલું સલામત છે.

સુરક્ષિત લોગ-ઈન: એપ્લિકેશન બાયોમેટ્રિક પ્રમાણીકરણ સાથે ખૂલશે.

સરળ અપડેટ્સ: સરનામું અથવા મોબાઈલ નંબર અપડેટ કરવાની સુવિધા.

બહુભાષી સપોર્ટ: હિન્દી, અંગ્રેજી સહિત બહુભાષી ભાષાઓમાં ઉપલબ્ધ.

ઓફલાઈન ઉપયોગ: જો તમારી પાસે ઈન્ટરનેટ ન હોય તોપણ તમે આધાર જોઈ શકો છો.

નવી એપ પ્લે સ્ટોર અને એપ સ્ટોર પર ઉપલબ્ધ છે. વળી, બધા યુઝર્સને નવી એપ માટે નોટિફિકેશન મળશે. જૂની એપના યુઝર્સને ઓટોમેટિક અપડેટનો




વિકલ્પ આવશે. ભવિષ્યમાં વધારે સુવિધાઓ, જેમ કે આધાર લિન્ક્ડ પેમેન્ટ કે સેવાઓ ઉમેરી શકાય છે.

એપમાં અકાઉન્ટ સેટ કરવાની પ્રોસેસ

ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોર પરથી 'Aadhaar' સર્ચ કરો.

એપ ઈન્સ્ટોલ કર્યા પછી પોતાનો 12-અંકનો આધાર નંબર દાખલ કરો.

રજિસ્ટર્ડ મોબાઈલ પર સિમ ઓથોરેન્ટિકેશન પૂર્ણ કરો.

ફેસ ઓથોરેન્ટિકેશન અથવા લાઈવ સેલ્ફી સ્કેન પૂર્ણ કરો.

6-અંકનો પિન સેટ કરો. રી-એન્ટર કરીને કન્ફર્મ કરો.

હવે એપમાં ડિજિટલ આધાર કાર્ડ દેખાશે.

બાકી 4 પ્રોફાઈલ એડ કરવા માટે ફરી પ્રોસેસ કરો.

જૂની આધાર એપ પહેલાંથી હતી, તો નવી કેમ લાવવામાં આવી?

અત્યારસુધી mAadhaar ઓપનો ઉપયોગ થતો હતો. એ ડિટેલ્સ ચેક કરવા, ડિજિટલ આધાર કાર્ડ ડાઉનલોડ કરવા અને PVC કાર્ડ મગાવવા પર ફોકસ કરતો હતો. વળી, નવી એપમાં યુઝર્સ પોતાની આધારની માહિતીને સેફ રાખીને સ્કેન કરીને શેર કરી શકશે.

PDF ડાઉનલોડ કે PVC કાર્ડ માટે હજી પણ mAadhaarનો ઉપયોગ કરો.

વર્ચ્યુઅલ ID જનરેટ કે અમુક અપડેટ્સ માટે UIDAI પોર્ટલ કે mAadhaar જ વધારે સારું.

નવી એપ પ્રાઈવસી-ફર્સ્ટ છે, જ્યાં સિલેક્ટિવ ડિસ્ક્લોઝરથી માત્ર જરૂરી માહિતી શેર થાય છે.

નવી એપથી યુઝર્સને શું ફાયદો મળશે?

હોટલ ચેક-ઈન, સિમ એક્ટિવેશન અથવા બેન્ક KYC ઝડપી થશે.

ફેમિલી મેનેજમેન્ટ સરળ, એક ફોન પર બધાની ડિટેલ્સ.

સિલેક્ટિવ શેરિંગથી વ્યક્તિગત ડેટા એક્સપોઝ નહીં થાય.

2009માં શરૂ થયું હતું આધાર

આધાર 2009માં શરૂ થયું હતું. હવે 1.3 અબજ એટલે કે 130 કરોડથી વધારે લોકોની પાસે આધાર છે. પહેલાં પેપર કાર્ડ હતું, પછી mAadhaar એપ આવી. હવે ડિજિટલ ઈન્ડિયા હેઠળ સંપૂર્ણપણે ડિજિટલ એપ લાવવામાં આવી છે. સરકારની કોશિશ છે કે દરેક સેવા ઓનલાઈન થઈ જાય.

# ટોપ-10 કંપનીઓમાં 7ની વેલ્યૂ ₹88,635 કરોડ ઓછી થઈ: એરટેલનું માર્કેટ કેપ ₹30,506 કરોડ ઘટ્યું, LICનું વધીને ₹5.84 લાખ કરોડ પહોંચ્યું







**મુંબઈ, તા.10**

બજાર મૂલ્યાંકનના આધારે દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી સાત કંપનીઓએ અઠવાડિયા દરમિયાન કુલ 88,635 કરોડનું નુકસાન કર્યું. ટેલિકોમ સેવા પ્રદાતા ભારતી એરટેલ સૌથી વધુ નુકસાન કરનારી કંપની રહી, જેના શેર 30,506 કરોડ ઘટીને 11.41 લાખ કરોડ થયા.

વધુમાં, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)નું મૂલ્ય 23,680 કરોડ ઘટીને 10.83 લાખ કરોડ થયું. આ દરમિયાન, અન્ય ત્રણ કંપનીઓનું મૂલ્ય 50,926 કરોડ વધ્યું. આ દરમિયાન, વીમા કંપની લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC)નું મૂલ્ય 18,469 કરોડ વધીને 5.84 લાખ કરોડ થયું.

શુક્રવારે બજાર 95 પોઈન્ટ ઘટ્યું

શુક્રવાર, 7 નવેમ્બર, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 95 પોઈન્ટ ઘટીને 83,216 પર બંધ થયો. નિફ્ટી પણ 17 પોઈન્ટ ઘટીને 25,492 પર બંધ થયો. ગઈકાલે બજાર 600 પોઈન્ટ ઘટી ગયું હતું.

એરટેલના શેર 4.4% ઘટ્યા હતા. ટેક મહિન્દ્રા, ટ્રેન્ટ અને રિલાયન્સ પણ નીચા ભાવે બંધ થયા હતા. બજાજ ફાઈનાન્સ, ટાટા સ્ટીલ અને બજાજ ફિનસર્વ 2%થી વધુ વધીને બંધ થયા હતા.

નિફ્ટીના 50 માંથી 30 શેર વધ્યા. મેટલ, બેંકિંગ અને ફાઈનાન્શિયલ સર્વિસિસના શેર 2%થી વધુ વધ્યા. FMCG, IT, મીડિયા અને ફાર્મા શેર ઘટીને બંધ થયા.

બજાર મૂડીકરણ શું છે?

માર્કેટ કેપ એ કંપનીના કુલ બાકી શેરનું મૂલ્ય છે, એટલે કે, હાલમાં તેના શેરધારકો પાસે રહેલા બધા શેર. તેની ગણતરી જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમના બજાર ભાવથી ગુણાકાર કરીને કરવામાં આવે છે.

ધારો કે... કંપની Aના 10 મિલિયન શેર બજાર દ્વારા ખરીદવામાં આવ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા હોય, તો કંપનીનું બજાર મૂલ્ય 10 મિલિયન x 20 એટલે કે 20 કરોડ રૂપિયા છે.

શેરના ભાવ વધતા-ઘટતા હોવાથી કંપનીઓના બજાર મૂલ્યમાં વધઘટ થાય છે. આના માટે બીજા ઘણા કારણો છે...

વધવાનો અર્થ શું છે?

ઘટાડાનો અર્થ શું થાય છે?

શેરના ભાવમાં વધારો

શેરના ભાવમાં ઘટાડો

મજબૂત નાણાકીય કામગીરી

નબળા પરિણામો

સકારાત્મક સમાચાર અથવા ઘટનાઓ નકારાત્મક સમાચાર અથવા ઘટનાઓ

હકારાત્મક બજાર ભાવના

અર્થતંત્ર કે બજારમાં ઘટાડો

ઊંચા ભાવે શેર જારી કરવા

શેર બાયબેક અથવા ડિલિસ્ટિંગ

માર્કેટ કેપમાં વધઘટ કંપની અને રોકાણકારો પર કેવી અસર કરે છે?

કંપની પર અસર: મોટી માર્કેટ કેપ કંપનીને ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓને હસ્તગત કરવામાં મદદ કરે છે. જોકે, નાની અથવા ઓછી માર્કેટ કેપ કંપનીની નાણાકીય નિર્ણયો લેવાની ક્ષમતા ઘટાડે છે.

રોકાણકારો પર અસર: માર્કેટ કેપમાં વધારો રોકાણકારોને સીધો ફાયદો કરાવે છે કારણ કે તેમના શેરનું મૂલ્ય વધે છે. જોકે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો તેમના શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ સુધી વધે, તો રોકાણકારોની સંપત્તિમાં વધારો થશે, અને કંપની ભવિષ્યના રોકાણો માટે વધુ મૂડી મેળવી શકશે. જોકે, જો તેનું માર્કેટ કેપ ઘટે, તો તેને નુકસાન થઈ શકે છે.

# વિદેશી રોકાણકારોએ 7 દિવસમાં ₹12,569 કરોડ પાછા ખેંચ્યા

## આ વર્ષે ભારતીય શેરબજારમાંથી ₹1.5 લાખ કરોડ પાછા ખેંચાયા

**મુંબઈ, તા.10**

ઓક્ટોબરમાં ખરીદી કર્યા પછી વિદેશી રોકાણકારો (FPIs)એ નવેમ્બરમાં ફરી એકવાર વેચાણ શરૂ કર્યું છે. FPIsએ આ મહિનામાં અત્યાર સુધીમાં ભારતીય બજારમાંથી 12,569 કરોડ પાછા ખેંચી લીધા છે. આનું કારણ એ છે કે ભારતને AI રેલીથી પાછળ રહેલું બજાર માનવામાં આવે છે. અગાઉ, FPIsએ સતત ત્રણ મહિના વેચાણ કર્યા પછી ઓક્ટોબરમાં 14,610 કરોડનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ સપ્ટેમ્બરમાં 23,885 કરોડ, ઓગસ્ટમાં 34,990 કરોડ અને જુલાઈમાં 17,700 કરોડ ઉપાડવામાં આવ્યા હતા. 2025માં અત્યાર સુધીમાં, FPIsએ ભારતીય




શેરબજારમાંથી 1.5 લાખ કરોડથી વધુ ઉપાડી લીધા છે. AI રેલીનો લાભ લેવા માટે અન્ય દેશોમાં રોકાણ કરો, જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસીસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારના મતે, આ વેચાણ વૈશ્વિક નબળાઈ અને જોખમ-બંધ ભાવના સાથે જોડાયેલું છે. FPI હેજ ફંડ્સ AI રેલીનો લાભ મેળવવા માટે યુએસ, ચીન, દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા બજારોમાં રોકાણ કરી રહ્યા છે.

Ahmedabad Municipal Corporation
Ambubhai Purani Gymnasium, Kankaria
Ahmedabad-380022
(E-mail-apvv@ahmedabadcity.gov.in)
(Phone No. 079-25453591)
INDIA'S FIRST World Heritage City AMDAVAD GUJARAT, INDIA

Advertisement

Ahmedabad Municipal Corporation invites offers for running the newly constructed Sabarmati Gymnasium on PPP basis.

| | |
|---|---|
| Last date and time for submission of tender | Date:- 02/12/2025 till 2:00 PM |
| Place for submission and opening of tenders/prices | A.P.Vyayam Vidyalaya Office, Kankaria-Gate No. 3, Abad Dairy Road, Kankaria, Ahmedabad-380022 |
| To get tender details | www.ahmedabadcity.gov.in |

## ગુજરાતના 800 ગામોના ખેડૂતોને મોટી રાહત

# 947 કરોડના કૃષિ પેકેજનો ઠરાવ જાહેર

# હેક્ટરદીઠ ₹20,000 વિશેષ સહાય મળશે

ગાંધીનગર, તા.10

રાજ્ય સરકારે ભારે વરસાદથી પાયમાલ થયેલા ખેડૂતોને મોટી રાહત આપતો 947 કરોડનો કૃષિ રાહત પેકેજ-2025નો સત્તાવાર ઠરાવ જાહેર કર્યો છે. કૃષિમંત્રી જીતુ વાઘાણીની 20 ઓક્ટોબરની જાહેરાતને અમલમાં મૂકતો આ ઠરાવ જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને બનાસકાંઠાના વાવ-થરાદ સહિત 5 જિલ્લાના 18 તાલુકાના 800 ગામોના ખેડૂતોને તાત્કાલિક સહાય પૂરી પાડશે, ખાસ કરીને વાવ-થરાદ અને પાટણના ખેડૂતોને હેક્ટરદીઠ 20,000ની વિશેષ સહાય મળશે, જે સામાન્ય પાક નુકસાની સહાય ઉપરાંત આપવામાં આવશે.



ખરીફમાં વાવેતર કરાયેલા દીવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી અને શાકભાજી સહિતના પાકોને ભારે નુકસાન થયું છે. ઉપરાંત કઠોળ અને દાડમ જેવા બહુવર્ષાયુ બાગાયતી પાકોને પણ અસર પહોંચી હતી.

સરકારના સર્વે મુજબ આ 800 ગામોમાં ખેડૂતોને મોટાપાયે નુકસાન સહન કરવું પડ્યું હતું. હવે સરકારે આ અંગેનો સત્તાવાર ઠરાવ જાહેર કરતા ખેડૂતો માટે સહાયની પ્રક્રિયા શરૂ કરી છે. ખાસ કરીને વાવ-થરાદ અને પાટણ જિલ્લાના ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 20 હજારની વિશેષ સહાય આપવામાં આવશે.

આ સહાય ખેડૂતોને પાક નુકસાનીની સામાન્ય સહાય ઉપરાંત મળશે. સરકારના ઠરાવ મુજબ, દરેક ખેડૂતને ખાતા દીઠ 2 હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે.

વાવ-થરાદ અને પાટણ જિલ્લાના તેવા ખેડૂતો, જેમના ખેતરોમાં હજુ પાણી ભરાયેલા હોવાથી તેઓ શિયાળુ પાક લઈ શકતા નથી, તેમને આ વિશેષ સહાય આપવામાં આવશે. 1લી નવેમ્બર, 2025 સુધી જેમના ખેતરમાં પાણી ભરાયેલું હશે એવા ખેડૂતોને પણ આ સહાયનો લાભ મળશે.

રાજ્ય સરકારે ઠરાવ બહાર પાડતા ખેડૂતોમાં આનંદનું વાતાવરણ જોવા મળ્યું છે. ઘણા ખેડૂતો લાંબા સમયથી આ રાહત પેકેજના અમલની રાહ જોઈ રહ્યા હતા. હવે સરકાર દ્વારા ઠરાવ જાહેર થતાં સહાયની રકમ વહેલી તકે ખેડૂતોના ખાતામાં જમા થવાની શક્યતા છે.

## ગાંધીનગર હાઈવેથી રૂપાલ-માણસા જતાં લોકોને હાલાકી થશે!

### 11-12 નવેમ્બરે રાંધેજામાં આવેલા ફાટક નંબર 13 અને 15 ત્રણ કલાક માટે બંધ રહેશે



ગાંધીનગર, તા.10

રેલવેમાં મોટાભાગના મુસાફરો મુસાફરી કરતા હોય છે, ત્યારે પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા આગામી 2 દિવસ એટલે કે, 11 અને 12 નવેમ્બરના રોજ ગાંધીનગર હાઈવે પર રાંધેજા ખાતે આવેલો રેલવે ફાટક નં. 13 અને રેલવે ફાટક નં. 15 એ 3 કલાક માટે માર્ગ અવરજવર માટે બંધ રહેશે.

આવતીકાલથી એટલે કે, 11થી 12 નવેમ્બર, 2025 દરમિયાન રાંધેજા હાઈવે પરનો ફાટક 3 કલાક માટે માર્ગ અવરજવર માટે બંધ રહેશે. આદરજ મોટી-વિજાપુર રેલવે લાઈનના ગેજ રૂપાંતરણ પ્રોજેક્ટ માટે સૂચિત મશીન ટેમ્પિંગ કામ (MTT) માટે થઈને બંધ કરવામાં આવશે.

રેલવે ફાટક નં. 13, ગાંધીનગર હાઈવેથી રૂપાલ વચ્ચે આવેલ આવતીકાલે એટલે કે, 11 નવેમ્બર, 2025ના રોજ રાત્રે 10 વાગ્યાથી 12 નવેમ્બર, 2025ના રોજ 1 વાગ્યા સુધી કુલ 3 કલાક માટે બંધ રહેશે. જ્યારે રેલવે ફાટક નં. 15, ગાંધીનગર હાઈવેથી માણસા વચ્ચે આવેલો 12 નવેમ્બરના રોજ રાત્રે 1 વાગ્યાથી સવારે 4 વાગ્યા સુધી કુલ 3 કલાક માટે માર્ગ અવરજવર માટે બંધ રહેશે.

### પીધેલો યુવક યુવતીનો પીછો કરતા કરતા ઘર સુધી પહોંચી ગયો

## યુવતીની કારનો દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો, લોકોએ પકડીને પોલીસને હવાલે કર્યો

અમદાવાદ, તા.10

અમદાવાદના શાહીબાગમાં રહેતી યુવતી ઘરની કામવાળીને કેશવનગર મૂકવા ગઈ હતી જે બાદ ગાડી લઈને પરત ફરી રહી હતી ત્યારે એક કારચાલક યુવતીનો પીછો કરતા યુવતીની સોસાયટીમાં આવી ગયો હતો. યુવતીની ગાડીનો દરવાજો ખોલવા અનેક પ્રયત્ન કર્યા હતા. જોકે આજુબાજુના લોકો ભેગા થઈ જતા પોલીસને જાણ કરી હતી.પોલીસે દારૂ પીધેલા યુવકની ધરપકડ કરી છેડતી અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

શાહીબાગમાં રહેતી 19 વર્ષીય યુવતી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.ગઈકાલે રાતે યુવતીના ઘરે આવેલી કામવાળીને યુવતી તેના ઘરે મૂકવા કેશવનગર ગઈ હતી. કામવાળીને મૂકીને યુવતી સુભાષબ્રિજ પરથી કારમાં પરત આવી રહી હતી ત્યારે એક ઈકો



સ્પોર્ટ્સ કારનો ચાલક યુવતીનો પીછો કરી રહ્યો હતો જે છેક યુવતીની સોસાયટીની અંદર આવી ગયો હતો.કાર ચાલક તેની કારમાંથી ઊતરીને યુવતીની કારનો દરવાજો ખોલવા પ્રયત્ન કરી રહ્યો હતો જોકે યુવતીએ દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો.

આ દરમિયાન સોસાયટીના રહીશો ભેગા થયા હતા.યુવતીના પિતા પણ નીચે આવ્યા હતા. તમામે જ્યારે યુવકની પૂછપરછ કરી ત્યારે યુવકે પોતાનું નામ લક્ષ્મણ મારવાડી(31 વર્ષ) જણાવ્યું હતું જે બાદ યુવકની ગાડી તપાસતા દારૂની બોટલ મળી આવી હતી.યુવકને મોઢામાંથી પણ દારૂની વાસ આવતી હતી જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી.માધવપુરા પોલીસે સ્થળ પર પહોંચીને યુવકની અટકાયત કરી યુવતીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## સામાન્યમાં બાબતમાં હત્યાનો પ્રયાસ : 'હું આવી ગયો છું, બોલ તારે મારી જોડે ઝઘડવું છે તેમ કહી યુવકને છરીના ઘા ઝીંકી દીધા'

અમદાવાદ, તા.10

શહેરના માધવપુરામાં એક યુવકે દિવાળી પર થયેલી ઝઘડાની અદાવત રાખીને અન્ય યુવકના શરીર પર આડેધડ છરીના ઘા ઝીંકીને લોહીલુહાણ કરી દીધો હતો. યુવક તેના મિત્રો સાથે ઉભો હતો ત્યારે આરોપી એકાએક તાનમાં આવી ગયો હતો અને છરીના ઘા ઝીંકવાના શરૂ કરી દીધા હતા. આરોપીની હેવાનીયત જોતા યુવકના મિત્રો ત્યાથી નાસી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.માધવપુરા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

માધવપુરા વિસ્તારમાં આવેલા નમસ્તે સર્કલ પાસે ઘોડાગાડીના ડહેલામાં રહેતા જયેશ ઘાનકાએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં વિજય દંતાણી વિરૂદ્ધ હત્યાની કોશિષની ફરિયાદ કરી છે. જયેશ સંયુક્ત પરિવારમાં રહે છે અને ઘી કાંટા ખાતે આવેલા કપડાની શોપમાં નોકરી કરે છે. ગઈકાલે રાતે નવ વાગ્યાની આસપાસ જયેશ તેના મિત્ર સાહિલ, સંતોષ, ક્રિષ્ના પાસે ઉભો ઉભો ઘોડાગાડીના ડહેલાની



અંદર વાતચીત કરી રહ્યો હતો તે વખતે તેના પડોશમાં રહેતો વિજય આવ્યો હતો. વિજયે આવતાની સાથેજ જયેશને કહેવા લાગ્યો હતો કે, તું દિવાળીના તહેવાર વખતે મારા જોડે બોલાચાલી કરતો હતો, આજે હુ આવી ગયો છે, બોલ તારે મારી જોડે ઝઘડવુ છે તો આજે લડી લઈએ. વિજયની વાત સાંભળીને જયેશે તેને શાંતી વાત કરવા તેમજ ઘરે જતા રહેવાનું કહ્યુ હતું. જયેશે વિજયને એમ પણ કહ્યુ હતુકે મારે તારી જોડે કોઈ મગજ મારી કરવી નથી.

વિજય ગિન્નાયો હતો અને જયેશને ગાળો બોલવાની શરૂ કરી દીધી હતી.જયેશે વિજય ગાળો નહી બોલવા માટેનું કહેતા તે વધુ ઉશ્કેરાયો હતો અને તેની પાસે રહેલી છરી કાઢી હતી.જયેશ કઈ વિચારે તે પહેલા વિજયે તેના પેટ, છાતી, હાથ અને મોઢા પર છરીના આડેધડ ઘા ઝીંકવાના શરૂ કરી દીધા હતા. જયેશના કેટલાક મિત્રો નાસી ગયા હતા જ્યારે કેટલાક તેને બચાવવા માટે વચ્ચે પડ્યા હતા. લોહીથી લથપથ થઈ ગયેલો જયેશ જમીન પર ઢળી પડ્યો હતો જ્યારે વિજય ત્યાથી નાસી ગયો હતો.વિજય જતા જતા ધમકી આપી હતીકે આજે તો તને બહુ ઓછો માર્યો છે,ફરીથી તુ મને જોવા મળીશ તો તને હુ જાનથી મારી નાખીશ.જયેશને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યો હતો જ્યા તેની હાલત નાજુક હતી. ઘટનાની જાણ માધવપુર પોલીસને થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વિજય વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## અમદાવાદ એરપોર્ટ પર આવતી અનેક ફ્લાઇટના શિડ્યૂલ ખોરવાયા

### 20 ફ્લાઈટ 1 કલાકથી 4 કલાક જેટલી મોડી પડી, સૌથી વધુ ઈન્ડિગોની 15 ફ્લાઈટ લેટ

અમદાવાદ,, તા.10

દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર શુક્રવારે સવારે ટેકનિકલ ખામી સર્જાતાં ફ્લાઈટ ઓપરેશન ખોરવાયું હતું, જેને કારણે અમદાવાદ એરપોર્ટ પર પણ તેની અસર અત્યાર સુધી જોવા મળી રહી છે. ગઈકાલે એટલે કે, 9 નવેમ્બરના રોજ 20 ફ્લાઈટ 1 કલાકથી 4 કલાક જેટલી મોડી પડી હતી. જેમાં સૌથી વધુ ઈન્ડિગોની 15 ફ્લાઈટ લેટ થઈ હતી.

દિલ્હીથી આવેલી ફ્લાઈટ નંબર 6792 સૌથી વધુ એટલે કે, 4 કલાક મોડી પહોંચી હતી. મુંબઈથી આવેલી ફ્લાઈટ્સમાં 5189 અને 534 એક કલાક, જ્યારે 5251 બે કલાક મોડી પડી હતી. પૂણેની 819, હૈદરાબાદની 6927, લખનૌની 142, દુબઈની 7526, મુંબઈની 2347, જમ્મુની 6109, ગાઝિયાબાદની 2568, મુંબઈની 683, દિલ્હીની 5317 તેમજ લખનૌની 6968 આ બધી ફ્લાઈટ્સ એક-એક કલાક જેટલી મોડી પડી હતી. બેંગલુરુની ફ્લાઈટ નંબર 6545 બે કલાક મોડી પડી હતી.




જ્યારે સ્માર્ટ વિંગ્સની કુલ 4 ફ્લાઈટો પણ સમયસર પહોંચી શકી નહોંતી. દિલ્હીથી આવેલી SG 8193 ફ્લાઈટ અઢી કલાક, કોલકાતાની 494 અને દુબઈની 16 ફ્લાઈટ 3 કલાક, જ્યારે પટનાની 877 ફ્લાઈટ 1 કલાક મોડી પડી હતી. એર ઈન્ડિયાની પણ એક ફ્લાઈટ મોડી પહોંચી હતી. દિલ્હીથી આવેલી AI 2939 ફ્લાઈટ 2 કલાક મોડી પડી હતી.

### ઠગ દંપતી સાથે વધુ એક ફરિયાદ

## ગુજરાત હાઉસિંગ બોર્ડમાં મકાન અને દુકાન આપવાના બહાને 2.10 લાખ પડાવ્યા, નકલી રસીદ પણ આપી...

અમદાવાદ

શહેરના જુહાપુરા વિસ્તારમાં રહેતા ઠગ દંપતીએ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ઉંચી ઓળખાણ હોવાનું કહીને મકાન અને દુકાનનો સોદો કરીને 2.10 લાખ મેળવીને ખોટી રસીદો આપી હતી.જોકે પોલીસે થોડા દિવસ અગાઉ જ આરોપીની ધરપકડ કરી હતી પરંતુ આરોપીઓની ધરપકડ બાદ વધુ એક ફરિયાદ નોંધાઈ છે.આરોપીઓએ અગાઉ પણ 10 લોકો સાથે 21.80 લાખની છેતરપિંડી કરી હતી.

જમાલપુરમાં રહેતા આયેશાબીબી કુરેશી ઘરકામ કરે છે.આયેશાબીબી તેમની બે દીકરીઓ સાથે રહે છે.આયેશાબીબી તેમની મોટી દીકરી રેહાનાના ઘરે ગયા હતા ત્યારે જાણવા મળ્યું હતું કે તમારા જમાઈના નામની દુકાનમાં કામ કરતા અનવર અને તેની પત્ની શાહ ઓળખાણથી અંબર ટાવર પાસેના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં સરકારી મકાન અને દુકાન લઈ આપે છે.જેથી આયેશાબીબીએ




બંનેનો સંપર્ક કર્યો હતો અને સ્કીમમાં મકાન અને દુકાન માટે 1,20,000 અને 60,000 આપ્યા હતા.એટલું જ નહીં તેમની દીકરીએ પણ દુકાન અને મકાન માટે ડિપોઝિટ પેટે પૈસા આપ્યા હતા.આમ કુલ 2.10 લાખ રૂપિયા આપ્યા હતાજેની સામે અનવર અને રસીદ પણ આપી હતી.

આયેશાબીબીએ મકાન કે દુકાન લેવા સંપર્ક કર્યો ત્યારે અનવર અને શાહીનાનો સંપર્ક પણ થઈ શકતો નહોતો અને તેમના ઘરે ગયા ત્યારે ઘરને પણ તાળું મારેલું હતું.આયેશાબીબીને જાણવા મળ્યું કે આ પતિ પત્નીએ અગાઉ અનેક લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી છે.અનવરના દીકરા અને દીકરીએ પણ આયેશાબીબીને કહ્યું હતું કે, મારા માતા પિતા વિશે પૂછશો તો ખોટા કેસમાં ફસાવી દઈશ અને હાથ પગ ભંગાવી દઈશ તેવી ધમકી આપી હતી જેથી આ આયેશાબીબીએ શાહીનાબાનું,અનવર,અયાન અને મિસ્બાહ વિરુદ્ધ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ઠગ દંપતી વિરુદ્ધ બે મહિના અગાઉ પણ આ જ રીતે દુકાન અને મકાન આપવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો ગુનો નોંધાયો છે.વેજલપુર પોલીસે ગુનો નોંધી બે માસ બાદ આરોપી શાઈનબાનુ સીપાઈ અને તેના પતિ અનવર સીપાઈની ધરપકડ કરી હતી. આરોપીઓએ કુલ 10 લોકો પાસેથી રૂ. 21.80 લાખની છેતરપિંડી આચરી હોવાનું તપાસમાં સામે આવ્યુ હતું ત્યારે હવે વધુ એક ફરિયાદ થઈ છે.

### આનંદ નિકેતન જોય સ્કૂલ બસનો અકસ્માત

## સેટેલાઇટ વિસ્તારમાં બાઇકચાલકને બચાવવા જતા સ્કૂલ બસ ડિવાઈડર પર ચડી ગઈ, મોટી જાનહાનિ ટળી

અમદાવાદ, તા.10

સેટેલાઈટ વિસ્તારમાં આનંદ નિકેતનની સ્કૂલ બસનો અકસ્માત સર્જાયો હતો. આનંદ નિકેતનની સ્કૂલ બસ ડિવાઈડર પર ચડી ગઈ હતી. સ્કૂલ બસચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. સ્કૂલ બસ જઈ રહી હતી ત્યારે અચાનક એક બાઈકચાલક વચ્ચે આવી ગયો હતો. જેને બચાવવા જતા આનંદ નિકેતનની સ્કૂલ બસના ચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા બસ ડિવાઈડર પર ચડી ગઈ હતી. જોકે, સમગ્ર ઘટનામાં મોટી જાનહાનિ થતા બચી ગઈ છે.

આનંદ નિકેતનની સ્કૂલ બસનો અકસ્માત સર્જાયો ત્યારે બસમાં 5 જેટલા વિદ્યાર્થીઓ સવાર હતા. જેથી સ્થાનિક લોકોએ તમામ વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. જે બાદ સ્કૂલની અન્ય બસમાં વિદ્યાર્થીઓ પોત પોતાના ઘરે લઈ જવામાં આવ્યા છે. આ



અકસ્માતની ઘટનામાં કોઈ પણ વિદ્યાર્થીઓને ઈજા પહોંચી નથી. સ્કૂલ બસ ડિવાઈડર પર ચડ્યા બાદ પલટી ન ખાતા મોટી જાનહાનિ થતા ટળી છે તેમજ મળતી માહિતી મુજબ આ મામલે હજુ સુધી કોઈ પણ પોલીસે ફરિયાદ નોંધવામાં આવી હતી.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599